Friday, 12 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૪ ● સંવત-૨૦૮૨ અધિક જેઠ વદ બારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



આપણી જિંદગીમાં જો જવાબદારીઓ અને જોખમો ન હોય તો જિંદગી કદી પણ જીવવા યોગ્ય ના હોત! - મહાત્મા ગાંધીજી

# ‘‘શિવનો દાસ-ભક્ત ક્યારેય પણ ઉદાસ હોય જ નહિ શકે’’: પ.પૂ. મેહુલભાઈ જાની બાપુ

**હરિશભાઈ અને રીનાબેન પટેલની દિકરી દિયાકુમારીએ ‘‘મહિલાઓથી શિવનો સ્પર્શ થાય કે નહિ?’’ના પૂછેલા પ્રશ્નનો પ.પૂ. મેહુલભાઈ જાનીએ ઉત્તર આપતા જણાવ્યું ‘‘શિવનું એક સ્વરૂપ અર્ધનારેશ્વર છે, એટલે મહિલાઓ પૂજા અને સ્પર્શ પણ કરી શકે છે’’**






**શિવ કથાના ત્રીજા દિવસે દમણ જિલ્લા ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ અને દમણવાડા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ મિલન રાયચંદ પટેલ અને પટલારાના યુવા કાર્યકર દક્ષેશભાઈ પટેલે શિવપૂજા કરી ૧૦૮ દિવાની આરતીનો લીધેલો લાભ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૧

આજે કુંતેશ્વર મહાદેવ મંદિરમાં ૧૨ જ્યોતિર્લિંગની કથા આગળ વધારતા વિશ્વ પ્રસિદ્ધ કથાકાર શ્રી મેહુલભાઈ જાનીએ પોતાની આગવી છટામાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ‘‘શિવનો દાસ-ભક્ત ક્યારેય પણ ઉદાસ નહિ થાય.’’ આજે વિશાળ સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ રહી હતી.

કુંતેશ્વર મહાદેવ મંદિરના પાવન સાનિધ્યમાં આજે પ.પૂ. મેહુલભાઈ જાની બાપુના કેદારનાથ અને ભીમાશંકર જ્યોતિર્લિંગની કથાને પ્રાગટ્ય કરી હતી.

કથાને સફળ બનાવવા તન મન અને ધનથી સહયોગ આપી રહેલા દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના અધ્યક્ષ શ્રી હરિશભાઈ પટેલ અને દમણ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રીમતી રીનાબેન પટેલની સેવાને પૂજ્ય બાપુએ વ્યાસપીઠ ઉપરથી બિરદાવી હતી.

આજે કથામાં દમણ જિલ્લા ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ અને દમણવાડા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ શ્રી મિલન રાયચંદ પટેલ અને પટલારાના યુવા કાર્યકર શ્રી દક્ષેશભાઈ પટેલે શિવપૂજા કરી ૧૦૮ દિવાની આરતીનો લાભ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી મેહુલભાઈ જાનીએ શ્રોતા-ભક્તોને શિવની ભક્તિ વિશે કોઈને પ્રશ્ન હોય તો તેને પૂછી શાસ્ત્રોક્ત રીતે સમાધાનની આગવી પરંપરા શરૂ કરી હતી. જેમાં આજે દિયાકુમારી હરિશભાઈ પટેલે મહિલાઓથી શિવનો સ્પર્શ થાય કે નહિ?નો પ્રશ્ન પૂછી પોતાની જીજ્ઞાશા પ્રગટ કરી હતી. પૂજ્ય બાપુએ જણાવ્યું હતું કે, શિવનું એક સ્વરૂપ અર્ધનારેશ્વર છે, એટલે મહિલાઓ પૂજા અને સ્પર્શ પણ કરી શકે છે.

શ્રી હરિશભાઈ અને શ્રીમતી રીનાબેનની દિકરી દિયાકુમારીના શિવભક્તિના સંસ્કાર જોઈ તમામ ભક્તોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

આવતી કાલે કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગના પ્રાગટ્યની કથા આગળ ધપાવવામાં આવશે. પાવન ભૂમિ કુંતા અને દિવ્ય ભૂમિ દમણના હજારો ભક્તો કથા શ્રવણ અને મહાપ્રસાદનો લાભ લઈ રહ્યા છે.

## સેલવાસમાં પ્રદેશ વક્ફ બોર્ડની બેઠક યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૧

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ વક્ફ બોર્ડ કમિટી દ્વારા સેલવાસમાં વક્ફ બોર્ડની સાથે નોંધાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓની સાથે મહત્વપૂર્ણ બેઠક આયોજીત કરવામા આવી હતી.

દાનહમાં વક્ફ અંતર્ગત નોંધાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું અને વક્ફ એક્ટના વિભિન્ન પ્રાવધાનો અને નિયમોની વિસ્તૃત જાણકારી આપવામા આવી હતી.

આ બેઠકમાં પ્રદેશ વક્ફ બોર્ડના સભ્ય શ્રી મજીદ લધાની, શ્રી રેહાન કાસમાંની, ફિરદોસ બેન અને યાસ્મિનબેન શેખ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શબ્બીરભાઈ સુર્યાએ કર્યુ હતું.

**સમગ્ર શિક્ષા હેઠળ સંઘપ્રદેશના શિક્ષણ વિભાગ દ્વારા**

## મસાટ અને ફલાંડીની સરકારી શાળામાં આયોજીત પાંચ દિવસીય સેવાકાલીન તાલીમ કાર્યક્રમનું સમાપન કરાયું

**દાનહ અને દમણ જિલ્લાના ૩૦૩ ટીજીટી અને ૧૭૭ પીજીટી મળીને કુલ ૪૮૦ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક લીધેલો ભાગ**







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૧

‘સમગ્ર શિક્ષા’ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે દાદરા નગર હવેલી અને દમણ જિલ્લાના શિક્ષકો માટે વ્યવસાયિક વિકાસ હેતુ ૦૬ જૂન, ૨૦૨૬થી ૧૦ જૂન, ૨૦૨૬ સુધી સરકારી ઉચ્ચ વિદ્યાલય મસાટ અને ફલાંડીમાં પાંચ દિવસીય સેવાકાલીન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આજે સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં દાનહ અને દમણ બંને જિલ્લાના ૩૦૩ ટીજીટી અને ૧૭૭ પીજીટી મળીને કુલ ૪૮૦ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગુજરાત બોર્ડ, મહારાષ્ટ્ર બોર્ડ તથા સીબીએસઈના સ્થાનિક વિશેષજ્ઞ સંસાધન વ્યક્તિઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

- (વધુ પાના નં.૨ પર)

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. રમેશભાઈ લક્ષ્મણભાઈ કોન્ટ્રાક્ટર
સ્વ. તા. ૧૨/૦૬/૨૦૨૫

દરિયાદિલી જેમના શ્વાસોમાં હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો.
કોઈના દુખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો,
આખું જીવન તનતોડ મહેનત કરી સુખનો સાગર સોંપતા ગયા.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. મીનાબેન રમેશભાઈ કોન્ટ્રાક્ટર (પત્ની)
રિતેશભાઈ (પિકિન) રમેશભાઈ કોન્ટ્રાક્ટર (પુત્ર)
હિતેશભાઈ (લાલો) રમેશભાઈ કોન્ટ્રાક્ટર (પુત્ર)
શીતલબેન રમેશભાઈ કોન્ટ્રાક્ટર (પુત્રી)
તથા સમસ્ત કોન્ટ્રાક્ટર પરિવાર

નિવાસ સ્થાન : જૂના પોલીસ ક્વાટર્સ સામે, કથિરીયા, મશાલ ચોક રોડ, નાની દમણ

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ડૉ. પ્રિયંકાબેન પટેલ
જન્મ તા.૦૯/૦૩/૧૯૯૩ સ્વ. તા.૧૨/૦૬/૨૦૨૧

રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તારી,
નાની ઉંમરે તારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ,
મન હજુ માનતું નથી કે તું અમારી વચ્ચે નથી.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
શ્રી સુરેશભાઈ ઉત્તમભાઈ પટેલ (પિતા)
શ્રીમતી વનિતાબેન સુરેશભાઈ પટેલ (માતા)
ડો. હિમાન્સુકુમાર સુરેશભાઈ પટેલ (ભાઈ)

સરનામુંઃ વાઘછીપા, સેલવાસ, દાનહ, મો.નં. 9904094987

વર્તમાન પ્રવાહ
વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
સુરેશ ઉમતીયાઃ
98259 89444




## સુવિચાર - સદ્‌વિચાર

લડી લેવાની તાકત બધામાં હોય પણ,
કોઈકને જીત વ્હાલી હોય તો કોઈકને સંબંધ..!!

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગિરધારી રે

ગિરધારી રે, સખી ગિરધારી.
મારે નિરભે અખૂટ નાણું. ગિરધારી રે. ટેક.

ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે એ ગાંઠે બાંધ્યું ન છુટે. ગિરધારી રે...

અણગણ નાણું સંચે અંતે, નિરધનીઆ જાય;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાય. ગિરધારી રે...

સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું. ગરધારી રે...

મુક્તાનંદ કે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુ:ખને દારિદ્ર થકી, થઈ હું ન્યારી. ગિરધારી રે...

-મુક્તાનંદ

## આજની જોક

એક ચોર ચોરી કરતાં પકડાઈ ગયો. એને કોર્ટમાં મેજિસ્ટ્રેટની સામે ઊભો કરવામાં આવ્યો અને મેજિસ્ટ્રેટે તેને કહ્યું : 'તારા ખિસ્સામાં જે કાંઈ હોય તે બધુ જ ટેબલ ઉપર મૂકી દે.'
આ સાંભળી ચોર બોલી ઊઠ્યો : 'આ તો હળાહળ અન્યાય છે, સાહેબ. માલના બે સરખા ભાગ પાડવા જોઈએ.'

## કબીર વાણી

**પોથી પઢી પઢી જગ મુઆ, પંડિત ભયા ન કોય.**
**ઢાઈ આખર પ્રેમ કા, પઢે સો પંડિત હોય.**

**- અર્થાત-**

દુનિયામાં મોટી મોટી પુસ્તકો વાંચીને લોકો થાકી ગયા, પણ કોઈ સાચો જ્ઞાની (પંડિત) ન બન્યો, જેણે ઈશ્વર પ્રેમ અને માનવ પ્રેમનો સાચો અર્થ સમજી લીધો, તે જ વાસ્તવિક જ્ઞાની છે.

## આજનો દિન વિશેષ

### સબા અંજુમ



સબા અંજુમ (જન્મ ૧૨ જૂન ૧૯૮૫) એક ભારતીય ભૂતપૂર્વ ફિલ્ડ હોકી ખેલાડી છે, જેમણે ભારતની મહિલા રાષ્ટ્રીય ફિલ્ડ હોકી ટીમનું પ્રતિનિધિત્વ કર્યું છે. તે ૨૦૦૨ માં માન્ચેસ્ટરમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં હોકી સ્પર્ધામાં ભાગ લેનારાઓમાં સૌથી નાની હતી.

તેણી પહેલી વાર ૨૦૦૦ માં અંડર-૧૮ AHF કપમાં ભારત માટે રમી હતી. રાઈટ વિંગ ફોરવર્ડ તરીકે, તેણીએ ઓક્ટોબર ૨૦૦૨માં એશિયન ગેમ્સ, ફેબ્રુઆરી ૨૦૦૪ માં એશિયા કપ દિલ્હી, કોમનવેલ્થ ગેમ્સ ૨૦૦૨ અને ૨૦૦૬, માન્ચેસ્ટર, મે ૨૦૦૧ માં જુનિયર વર્લ્ડ કપ, બ્યુનોસ આયર્સ અને ઓસ્ટ્રેલિયન ટેસ્ટ સિરીઝ અને ન્યુઝીલેન્ડ ટૂર જેવી ઘણી અન્ય આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

તેણી કેલાબાડી, દુર્ગની રહેવાસી છે. ૧ નવેમ્બરના રોજ, તેણીને છત્તીસગઢના ટોચના ગુંડાધુર રમતગમત પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. વાર્ષિક પુરસ્કાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતગમતના ક્ષેત્રમાં રાજ્યને સન્માન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે. આ પુરસ્કાર ૦.૧ મિલિયન રૂપિયાના રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર સાથે આપવામાં આવે છે.

છત્તીસગઢ સરકારે તેમને પોલીસ વિભાગમાં નાયબ પોલીસ અધિક્ષક (DSP) ના પદ પર પોસ્ટિંગ આપીને સન્માનિત કર્યા છે. છત્તીસગઢ દુર્ગ વર્ષ ૨૦૧૩ માટે, તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને ૨૦૧૫માં ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો.

## પ્રવાસ : મહાબળેશ્વર

મહાબળેશ્વર એ મહારાષ્ટ્ર, ભારતના સતારા જિલ્લામાં આવેલું એક નાનું શહેર અને મ્યુનિસિપલ કાઉન્સિલ છે. તે તીર્થસ્થાન છે કારણ કે હિન્દુઓ દ્વારા પવિત્ર ગણાતી કૃષ્ણા નદી તેની પાંચ ઉપનદીઓ સાથે અહીં ઉદ્ભવે છે. બ્રિટિશ વસાહતી શાસકોએ આ શહેરને એક હિલ સ્ટેશન તરીકે વિકસાવ્યું હતું અને તે વસાહતી શાસન દરમિયાન બોમ્બે પ્રેસિડેન્સીની ઉનાળાની રાજધાની તરીકે સેવા આપતું હતું.

મહાબળેશ્વરમાં ત્રણ ગામોનો સમાવેશ થાય છે, માલ્કમ પેઠ, જૂનુ ક્ષેત્ર મહાબળેશ્વર, અને શિંદોલા ગામનો એક ભાગ. મહાબળેશ્વર પ્રદેશ કૃષ્ણા નદીનો ઉદ્‌ગમ સ્થાન છે, જે મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાંથી પૂર્વમાં બંગાળની ખાડી તરફ વહે છે. કૃષ્ણાની ત્રણ ઉપનદીઓ, કોયના, વેન્ના (વેણી) અને ગાયત્રી, પણ મહાબળેશ્વર પ્રદેશમાં ઉદ્‌ગમ સ્થાન ધરાવે છે. ચોથી નદી, સાવિત્રી, પણ આ પ્રદેશમાં ઉદ્‌ગમ સ્થાન ધરાવે છે, પરંતુ તે મહાડ થઈને પશ્ચિમ તરફ અરબી સમુદ્રમાં વહે છે.

આ વિસ્તારનું વાતાવરણ સ્ટ્રોબેરીની ખેતી માટે યોગ્ય છે; મહાબળેશ્વર સ્ટ્રોબેરી દેશના કુલ સ્ટ્રોબેરી ઉત્પાદનમાં લગભગ ૮૫ ટકા ફાળો આપે છે. તેને ૨૦૧૦ માં ભૌગોલિક સંકેત (GI) ટેગ પણ મળ્યો હતો.

**મહાબળેશ્વરનો મનોહર દૃશ્ય, આબોહવા :** મહાબળેશ્વરમાં ઉષ્ણકટિબંધીય ચોમાસુ/ભેજવાળું ઉષ્ણકટિબંધીય વાતાવરણ (કોપ્પેન એમ/સીડબલ્યુએ) સીમારેખા ધરાવે છે. ચોમાસા દરમિયાન ખૂબ જ ભારે વરસાદ સામાન્ય ઘટના છે. જુલાઈ દરમિયાન, દર વર્ષે ૧૦-૧૨ દિવસ સતત વરસાદ પડે છે, જેમાં ૧૦૦ થી ૨૦૦ મીમી અથવા દરરોજ ૪ થી ૮ વખત વરસાદ પડે છે. ૨૦૧૮માં વેન્ના તળાવની આસપાસ બરફ અને જમીન પર હિમવર્ષા થવાના અહેવાલો હતા. ૭ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ, મહાબળેશ્વરમાં ૨૪ કલાકમાં ૩૩૦ મીમી અથવા ૧૨.૯૯ ઇંચ વરસાદ નોંધાયો હતો, જેના કારણે ભૂસ્ખલન થયું હતું મહાબળેશ્વરને ''વિશ્વના સૌથી ભીના સ્થળ માટે નવા ઉમેદવાર તરીકે વર્ણવવામાં આવ્યું છે, જે હાલમાં ચેરાપુંજી પાસે છે.

સુરત-વેસુ-ફોનિક્ષ ટાવર સમીપવર્તી

# શ્રી ક્ષત્રિયકુંડ નગરી ખાતે તા.૧૨ જુન આજથી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રારંભ થશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

ધર્મનગરી સુરત શહેરમાં વેસુ વિસ્તારમાં જિનશાસનજ્યોતિર્ધર ''સુરિરામચન્દ્ર' સામાજ્યવર્તી જિર્ણોદ્ધારજ્યોતિર્ધર-આધ્યાત્મિક પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રી વિજયમુક્તિપ્રભસુરીશ્વરજી મહારાજા તથા પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રી વિજયશ્રેયાંસપ્રભસુરીશ્વરજી મહારાજા આદિ નવ નવ સુરિભગવંતો સમેત ૧૫૦થી અધિક શ્રમણ-શ્રમણીભંગવંતોની પાવન નિશ્રામાં પાર્લે પોઈન્ટ (ઉમરા) વિસ્તારમાં શાસનશિરતાજ સુરિરામચન્દ્ર સ્મૃતિ વિહારના સુમનોહર પ્રાંગણમાં સમારણબદ્ધ શ્રી મહાવીરસ્વામી જિનાલય થનાર પરમાત્મા-પ્રતિષ્ઠા નિમિત્તે વેસુ-ફેનિલ ટાવર સમીપવર્તી શ્રી ક્ષત્રિયકુંડ નગરી ખાતે આચાર્ય વિજય જયકુંજસૂરિ સ્મૃતિ ટ્રસ્ટ વેસુના ઉપક્રમે તા.૧૨ જુન પ્રથમ જેઠ વદ-૧૨ શુક્રવાર આજથી ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે.



આજે સવારે ૪.૪૫ કલાકે શ્રી ક્ષત્રિયકુંડ નગરીના જિનાલયમાં કુંભસ્થાપના-દિપકસ્થાપના-જવારરોપણ-નવગ્રહાદિ પાટલા પૂજન થશે.

સવારે ૭:૦૦થી ૮:૦૦ પૂ.આચાર્યભગવંતનું પરમાત્મભક્તિમય પ્રવચન થશે.

સવારે ૯:૩૦થી શ્રી નંદાવર્તપૂજન શ્રી નવપદપૂજન - શ્રી વીસરસ્થાતક પૂજન આદિ પ્રભુભક્તિના માંગલિક અનુષ્ઠાનો થશે.

આવતીકાલે તા.૧૩જુન શનિવારના અવન કલ્યાણકની ઉજવણીના સ્ટેજ પ્રોગ્રામ થશે.

કલ્યાણકની ઉજવણીમાં સુપ્રસિદ્ધ સંગીતકાર ભાવસમ્રાટ શ્રી નિલેશ રાણાવત પધારશે.

જિનાલયમાં શુદ્ધ વિધિવિધાન માટે પરમાભક્તિરસિક શ્રી અરવિંદભાઈ ચોરડિયા (ઈન્દોર) પધારશે.આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી માટે વેસુ-ફોનિક્ષ ટાવર સમીપવર્તી શ્રી ક્ષત્રિયકુંડ નગરી ખાતે તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. નવ-નવ જૈનાચાર્યો સમેત ૧૫૦થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં આ મહોત્સવની ઉજવણી ઐતિહાસિક બની જશે.

આ મહોત્સવ દરમિયાન તા.૧૪ જુન-રવિવારના રાત્રે પ્રભુભક્તિભાવના માટે સુપ્રસિદ્ધ સંગીતકાર શની શાહ (અમદાવાદ) તથા તા.૧૫ જુન સોમવારના રાત્રે પ્રભુભક્તિ ભાવના માટે સુપ્રસિદ્ધ સંગીતકાર મનન સંઘવી (સુરત) પધારશે.ભારતભરના વિવિધ જૈન સંઘો તથા સુરત શહેરના અનેક જૈન સંઘોમાંથી પ્રભુભક્તો-ગુરુભક્તો આ મહોત્સવ પ્રસંગે પધારશે.

# વાપી છરવાડા શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિરના સ્થાપના દિવસની ઉજવણી આધ્યાત્મિક વાતાવરણમાં કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી સ્થિત શ્રી રાજરાજેશ્વરી વિદ્યામંદિર શાળામાં તા.૧૦ જૂન, ૨૦૨૬ (બુધવાર)ના રોજ શાળાના ૧૬માં સ્થાપના દિવસની ભવ્યતા અને આધ્યાત્મિક ઉર્જા સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાની સ્થાપના તા.૧૦ જૂન, ૨૦૧૦ના રોજ શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસના પવિત્ર ધ્યેય સાથે કરવામાં આવી હતી. આ શુભ અવસરને સ્મરણીય બનાવવા માટે શાળા પરિસરમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન-યજ્ઞ દ્વારા કરવામાં આવી હતી.

હવન દરમિયાન સમગ્ર શાળા પરિવારના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સતત પ્રગતિ માટે સમાજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની પ્રાર્થનાઓ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ શાંતિ પાઠ, ઓમકાર જાપ અને વિશેષ પૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે સમગ્ર પરિસરમાં આધ્યાત્મિકતા અને પવિત્રતાનું અનોખું વાતાવરણ સર્જાયું હતું.

આ પ્રસંગે શાળાના ચેરમેન શ્રી હિંમતસિંહજી જાડેજા , પ્રિન્સિપાલ ડૉ.રાજેશ્વરી પરમાર મેડમ, કાઉન્સેલર શ્રીમતી ભારતીબા જાડેજા તેમજ શિક્ષકગણ, બિન-શૈક્ષણિક સ્ટાફ અને શાળા પરિવારના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભવોએ શાળાની સ્થાપનાથી લઈને આજસુધીની ગૌરવમય યાત્રાને યાદ કરી હતી અને ભવિષ્યમાં પણ શિક્ષણક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન શિક્ષણ અને સંસ્કારના મહત્વને ઉજાગર કરતા વિવિધ પ્રેરણાદાયી સૂત્રો પણ રજૂ કરવામાં આવ્યા હતા, જેમ કે 'વિદ્યા વિનયેન શોભતે' 'જ્ઞાનથી વિકાસ, સંસ્કારથી વ્યક્તિત્વ' 'શિક્ષણ એજ જીવનનું પરિવર્તનનું શ્રેષ્ઠ સાધન છે' 'સંસ્કાર, શિસ્ત અને શિક્ષણ-સફળતાના ત્રણ આધારસ્તંભ' શાળાના સ્થાપના દિવસની આ ઉજવણી માત્ર એક કાર્યક્રમ ન રહી, પરંતુ શાળાના મૂળભૂત મૂલ્યો, આદર્શો અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું જીવંત પ્રતિબિંબ બની રહી.

સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, શ્રદ્ધા અને ગૌરવની લાગણીઓ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે કેક કટીંગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં સર્વે ઉપસ્થિતોએ શાળાના ઉજ્જવળ ભવિષ્ય, સતત વિકાસ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપતા આદર્શ નાગરિકોના ઘડતરના સંકલ્પ સાથે કાર્યક્રમને પૂર્ણતા આપી હતી.

# વાપી આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ એમ.એસસી. કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓનું ઉત્કૃષ્ટ પરિણામ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત એમ.એસસી. સેમેસ્ટર-૨ (ઓર્ગેનિક કેમિસ્ટ્રી)ના વિદ્યાર્થીઓએ એપ્રિલ ૨૦૨૫-૨૬ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (વીએનએસજીયુ) દ્વારા લેવામાં આવેલી પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે.







જાહેર થયેલા પરિણામ મુજબ એમ.એસસી. કેમિસ્ટ્રીના વિદ્યાર્થી પટેલ ફહિમ મુહંમદસઈદે SGPA 7.75 સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે, જયારે પટેલ પ્રિયાબેન જયંતીભાઈ SGPA 7.33 સાથે દ્વિતીય ક્રમ હાંસલ કર્યો છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ તેમના પરિશ્રમ, નિયમિત અભ્યાસ અને પ્રાધ્યાપકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ હોવાનું માનવામાં આવે છે.

વિદ્યાર્થીઓની આ શૈક્ષણિક સફળતા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડિરેક્ટર ડૉ.મિત્તલ શાહ, આચાર્ય પ્રો.સુરભી ચૌધરી તેમજ એમ.એસસી. કેમિસ્ટ્રી વિભાગના વડા ભૂષણ સરોદે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત વિભાગના તમામ પ્રાધ્યાપકોએ પણ વિદ્યાર્થીઓની સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. કોલેજ પરિવાર દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી કે, વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પણ શૈક્ષણિક ક્ષેત્રે વધુ સફળતાઓ હાંસલ કરી સંસ્થા અને પરિવારનું નામ રોશન કરશે.

પલસાણામાં હૃદયદ્રાવક હિટ એન્ડ રન

# બગુમરા ગામે પાળી પર બેઠેલા યુવકને બેકાબૂ ટેમ્પોએ કચડ્યો

**માથા અને શરીરના ભાગે જીવલેણ ઈજાઓ થવાના કારણે રાજુ ભીખા કોટેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૧**

સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના હાઈવે અને સ્ટેટ હાઈવે પર બેફામ દોડતા ભારે વાહનો જાણે નિર્દોષ નાગરિકો માટે કાળ બનીને ભમી રહ્યા છે. પલસાણા તાલુકાના બગુમરા ગામમાંથી પસાર થતા હલદરું રોડ પર આજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. રાજુ ભીખા કોટે નામનો એક સ્થાનિક યુવક હલદરું રોડની સાઈડમાં બનેલી એક સિમેન્ટની પાળી પર સામાન્ય રીતે બેઠો હતો. તે સમયે તેને અંદાજ પણ નહીં હોય કે પૂરપાટ ઝડપે આવી રહેલો એક ટેમ્પો તેનો કાળ બનીને આવી રહ્યો છે.

સામે આવેલા અકસ્માતના સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, ટેમ્પોચાલકે પોતાના વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલો ટેમ્પો રોડ છોડીને સીધો સાઈડમાં ઉતરી ગયો હતો અને જ્યાં રાજુ કોટે બેઠો હતો તે પાળી સાથે ધડાકાભેર અથડાયો હતો. ટેમ્પોની સ્પીડ અને ટક્કર એટલી જોરદાર હતી કે રાજુને સંભળવાનો કે ત્યાંથી ભાગવાનો કોઈ મોકો જ ન મળ્યો અને તે ટેમ્પોની અડફેટે આવી જતાં ગંભીર રીતે કચડાઈ ગયો હતો. માથા અને શરીરના ભાગે જીવલેણ ઈજાઓ થવાના કારણે રાજુ ભીખા કોટેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.



અકસ્માત સર્જાયા બાદ આસપાસના લોકો અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભીડ એકઠી થતી જોઈને શાતિર ટેમ્પો ચાલક પોતાનો ટેમ્પો ઘટનાસ્થળે જ અધવચ્ચે મૂકીને રાતોરાત અંધારામાં ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પલસાણા પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરીને મૃતક યુવકના શબને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે. પોલીસે અકસ્માત સર્જનાર ટેમ્પોનો કબજો લઈ લીધો છે અને સીસીટીવી ફૂટેજ તેમજ વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે ફરાર થઈ ગયેલા ખૂની ટેમ્પો ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ભૂતિયા ડિમૉલિશન મામલે મોટો ધડાકો

# ૧૨ દિવસ બાદ મનપાએ કહ્યું કાર્યવાહી સંપૂર્ણરીતે કાયદેસર

**સુરતના નાસિરનગરમાં મકાનો તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે આ કાર્યવાહી કોણે કરી તેને લઈને મામલો ગુંચવાયો હતો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૧**

શહેરના નાસિરનગર વિસ્તારમાં થયેલા ડિમોલિશનને લઈને સર્જાયેલા વિવાદમાં હવે સુરત મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીએ સત્તાવાર પક્ષ રજૂ કર્યો છે. મનપાના એડિશનલ સિટી ઈજનેર આશિષ નાયકે મીડિયાસામે આવીને આ ઘટનાને ભૂતિયા ડિમોલિશન ગણાવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. તેમણે જણાવ્યું કે પાલિકાની ટીમે જે પણ કામગીરી કરી છે તે સંપૂર્ણપણે કાયદાના દાયરામાં રહીને કરવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અગાઉથી પોલીસ તંત્રને પણ જાણ કરવામાં આવી હતી. આ ઘટનાના ૧૪ દિવસ બાદ ખુદ અધિકારીએ મૌન તોડ્યું છે.





આશિષ નાયકે જણાવ્યું કે, "ગત તારીખ ૩૦/૦૫/૨૦૨૬ના રોજ મનપાની ટીમ માત્ર ડિમાર્કેશન (હદ નક્કી કરવા) એટલે કે, રોડ ખુલ્લો કરવા માટે નાસિરનગર ખાતે ગઈ હતી. જે સંપૂર્ણપણે કાયદાકીય જોગવાઈઓ અને નિયમો પ્રમાણે જ થયું છે. સુરત મહાનગર પાલિકા સંપૂર્ણપણે અધિકૃત હતું. આ કાર્યવાહીમાં સુલેહ અને શાંતિ જળવાઈ રહે તે માટે અમે અગાઉથી પોલીસ તંત્રને જાણ કરી હતી અને સહયોગ પણ પ્રાપ્ત કર્યો હતો. આ કોઈ ભૂતિયા ડિમોલિશન નથી. આ અંગે તપાસ કમિટીની રચના પણ કરવામાં આવી છે. જેમાં અમે સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છીએ.

આ સાથે તેમણે જણાવ્યુ છે કે, "કેટલાક લોકો રાજકીય લાભ મેળવવાના હેતુથી આ મુદ્દાનો દુરુપયોગ કરી રહ્યા છે અને સોશિયલ મીડિયા તેમજ વિવિધ માધ્યમો દ્વારા ભ્રામક માહિતી પ્રસારિત કરવામાં આવી રહી છે. તેમણે દાવો કર્યો કે, સુરત મહાનગરપાલિકા અને તેના અધિકારીઓ વિશે ગેરસમજ ઉભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેના કારણે અધિકારીઓ અને કર્મચારીઓ પર અનાવશ્યક માનસિક દબાણ સર્જાઈ રહ્યું છે. સત્તાવાર તપાસના પરિણામોની રાહ જોવા અપીલ આશિષ નાયકે શહેરના નાગરિકોને અપીલ કરી છે કે તેઓ અપ્રમાણિત અને અફવાઓ આધારિત માહિતી પર વિશ્વાસ ન કરે અને તપાસ સમિતિના સત્તાવાર અહેવાલની રાહ જુએ."વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ આ અંગે મુખ્યમંત્રીને પત્ર લખીને મ્યુનિ. કોર્પો.ની જાણ બહાર મેગા ડિમોલિશનની કાર્યવાહી કોણે કરી? તેની સંપૂર્ણ તપાસ માટે ઉચ્ચસ્તરીય કમિટી રચવાની માગ કરી હતી. સાથોસાથ જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં ડો. ચૌધરીએ જણાવ્યું છે કે, ધોળા દિવસે જેસીબી ચલાવવાની હિંમત કોણે કરી? આ તોડફોડ વખતે મનપા અને પોલીસ કોના કહેવાથી હાજર હતી?

મનપાની જાણ બહાર બારોબાર આવી કામગીરી થાય તે બાબત ગળે ઉતરે તેવી નથી. તેમની જાણ મુજબ, સેતુબંધ રિયલ્ટી કંપની દ્વારા આ જમીન પારસી માલિક ગુલબેન પાલિયા પાસેથી ખરીદાઈ હતી. આ જમીન સામે આવેલી જમીન આ જ બિલ્ડર ગ્રૂપ દ્વારા પોલીસ-જીંપની મદદ-કોમ્બિંગ પછી ખાલી કરાવાઈ હતી અને પાલિયા બંગલોઝ પ્રોજેક્ટ વેચાયો હતો. ત્યારબાદ સામેની જમીન પર પાલિયા એલિગન્સ પ્રોજેક્ટ હેઠળ હાઈરાઈઝ બિલ્ડિંગના નવ માળનો પ્રોજેક્ટ મંજૂર થઈ રહ્યો નહોતો. તેના ઉકેલ તરીકે ખાનગી માલિકીની જમીન પરના ઝૂંપડા પર ૪૦ ફૂટનો રોડ બિલ્ડરોએ સામેથી આપી પ્લાન મંજૂર કરાવી રજાચિઠ્ઠી મેળવાઈ હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**મસાટ અને ફલાંડીની...**

તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષકોના વિષયગત જ્ઞાનને અપડેટ કરવા તથા તેમને આધુનિક અને પ્રભાવી શિક્ષણ પદ્ધતિઓથી પરિચિત કરવાનો હતો. જેનાથી વિદ્યાર્થીઓના પરિણામોમાં વધુમાં વધુ સુધારો લાવી શકાય.

કાર્યક્રમનો શુભારંભ શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન સત્રમાં બદલાતા શૈક્ષણિક પરિદૃશ્ય, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને ગુણવત્તામાં શિક્ષણની જરૂરિયાત ઉપર શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન વિવિધ વિષય નિષ્ણાતોએ શિક્ષકોને વિષય-વસ્તુની નવીનતમ માહિતી, ક્ષમતા આધારિત શિક્ષણ નવાચારપૂર્ણ શિક્ષણ ટેકનિકો, સતત મૂલ્યાંકન અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીની ખાત્રી કરવાના પ્રભાવશાળી ઉપાયોથી અવગત કરવામાં આવ્યા હતા. શિક્ષકોએ પણ તેમન અનુભવો વર્ણવ્યા હતા અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગીતા નિભાવી હતી.

તાલીમ કાર્યક્રમ દરમિયાન શિક્ષણ નિર્દેશકશ્રીએ પણ તાલીમ સ્થળોની મુલાકાત લીધી હતી અને શિક્ષકોની સાથે સંવાદ કર્યો હતો. તેમણે તાલીમમાં શિક્ષકોની સક્રિય ભાગીદારીની સરાહના કરતા જણાવ્યું હતું કે, ગુણવત્તાપૂર્ણ શિક્ષણનો આધાર એક તાલીમબદ્ધ, પ્રેરિત અને સતત શીખનારો શિક્ષક હોય છે.

સમાપન સમારોહમાં તાલીમને સફળ બનાવનારા તમામ સંસાધન વ્યક્તિઓને તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે પ્રશંસા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ અવસરે સહાયક શિક્ષણ નિર્દેશકશ્રીએ તમામ સંસાધન વ્યક્તિઓ, અધિકારીઓ અને ભાગ લેનારા શિક્ષકોનો આભાર માન્યો હતો. તેમણે શિક્ષકોને તાલીમ દરમિયાન મેળવેલું જ્ઞાન, કૌશલ્ય અને નવાચારોને વર્ગખંડોમાં પ્રભાવશાળી રીતે લાગૂ કરવા અપીલ કરી હતી, જેથી તાલીમનો વાસ્તવિક લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકે અને શિક્ષણની ગુણવત્તામાં ઠોસ સુધારો દેખાઈ શકે.

**'સમગ્ર શિક્ષા' અંતર્ગત આયોજીત આ તાલીમ કાર્યક્રમ શિક્ષકોના સતત વ્યવસાયિક વિકાસની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ સાબિત થઈ, જે આવનારા શૈક્ષણિક સત્રમાં શાળાકીય શિક્ષણને ઔર વધુ પ્રભાવી અને ગુણવત્તાપૂર્ણ બનાવવામાં સહાયરૂપ બનશે.**

## પારડીના પલસાણા ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

''૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના'' અંતર્ગત પારડી તાલુકાના પલસાણા ગામે નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ, વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિનરીબેન હિતેશભાઈ પટેલ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, સરપંચો તેમજ સ્થાનિક કાર્યકરો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

આ અભિયાન દરમિયાન ગામના ખુલ્લા પ્લોટો, નદી, તળાવ, નાળા, દરિયાકિનારા (બીચ) તેમજ મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે મોસ્કીટો બ્રિડીંગ સ્થળો, હેન્ડપંપ સહિત વિવિધ જાહેર સ્થળોની સાફ-સફાઈ કરવામાં આવી હતી. પલસાણા ગ્રામ પંચાયત ખાતે આવેલ મહાદેવજી મંદિરના પટાંગણ તેમજ આસપાસના વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ સ્વચ્છતા પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો અને સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામના સંકલ્પને સાકાર કરવાનો હતો.

## ચીખલીના વંકાલ ગામની વર્ષો જૂની નહેરના નવીનીકરણને મંજૂરી મળતા ગ્રામજનોમાં ફેલાયેલી ખુશીની લાગણી

**વંકાલ ગામના દીપકભાઈ સોલંકીની રજૂઆત સફળ, જર્જરીત નહેરના નવસર્જનને મળેલી લીલી ઝંડી**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૧**

ચીખલીના વંકાલ ગામમાંથી પસાર થતી નહેરના નવીનીકરણના કામને સિંચાઈ વિભાગ દ્વારા મંજૂરી મળતા સ્થાનિક ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વર્ષોથી પાણીની તંગી અને નહેરની ખરાબ હાલતનો સામનો કરી રહેલા ધરતીપુત્રો માટે નહેરના નવીનીકરણ આશીર્વાદરૂપ સાબિત થશે.

ચીખલી તાલુકાના વંકાલ ગામ ખેતી મુખ્ય આજીવિકાનું સાધન છે.પરંતુ છેલ્લા ઘણાં સમયથી ખેડૂતોને સિંચાઈના પાણી માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. ગામના મુખ્ય માર્ગ પર આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડથી શરૂ કરીને વાણિયાતળાવ ફળિયા સુધી પસાર થતી અંદાજે ત્રણ કિલોમીટર લાંબી નહેર જર્જરિત અને બંધ રહેતા નહેરમાં પાણી છોડવામાં આવતા મોટા પ્રમાણમાં પાણીનો વ્યય થતો હતો.અને લીકેજના કારણે પાણી આજુબાજુ વહી જતા પરિણામે છેવાડાના ખેતરો સુધી સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં પહોંચી નહીં શકતા ઉનાળાની સિઝનમાં પાક બચાવવા ખેડૂતોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો.

દરમિયાન નવસારી ભાજપ કિસાન મોરચાના જિલ્લા આઈ.ટી સેલના ઈન્ચાર્જ શ્રી દીપકભાઈ સોલંકી દ્વારા ગત ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સુરત, નવસારી અને ચીખલી સિંચાઈ વિભાગ સહિત નવસારીના સાંસદ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલને રજૂઆત કરતા કેન્દ્રીય મંત્રીના સક્રિય વલણને પગલે રજૂઆતના ટૂંક સમયમાં જ અધિકારીઓની ટીમ દ્વારા નહેરનો વિગતવાર સર્વે હાથ ધરી નવીનીકરણને મંજૂરી મળતા ગામમાં તેમજ ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી હતી.

### ઉનાળામાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહેશે

ચીખલીના વંકાલ ક્રિકેટ ગ્રાઉન્ડથી વાણિયાતળાવ ફળિયા સુધીની અંદાજે ત્રણ કિલોમીટર લાંબી નહેર સીસી રોડ જેવી પાકી અને મજબૂત બનશે. જેના કારણે નહેર પાકી થવાથી લીકેજ સંપૂર્ણ બંધ થશે અને પાણીનો બગાડ પણ અટકશે. અત્યાર સુધી જે ખેડૂતો પાણીથી વંચિત રહેતા હતા. તે છેવાડાના ખેતરો સુધી પૂરતું પાણી પહોંચી રહેશે જેના કારણે ખેડૂતોને સિંચાઈનું પુરતું પાણી મળી રહેશે.

**કિસાન મોરચાના આઈ.ટી.સેલના ઈન્ચાર્જ શ્રી દિપકભાઈ સોલંકી**ના જણાવ્યાનુસાર નવસારી સાંસદ અને કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર.પાટીલ સમક્ષ નહેરના નવીનીકરણ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. વંકાલ ગામની આ નહેર લાંબા સમયથી જર્જરિત અને બંધ હાલતમાં રહેતા પાણીનો મોટો વ્યય થતો હતો અને છેવાડાના ખેડૂતો સુધી પાણી ન પહોંચવાને કારણે દર વર્ષે ખેડૂતોને ભારે મુશ્કેલી વેઠવી પડતી હતી.ત્યારે સાંસદની સક્રિયતાને પગલે અમારી રજૂઆતને ગંભીરતાથી લઈ નહેર નવીનીકરણની મંજૂરી આપતા વંકાલ ગામના ખેડૂતો માટે ભવિષ્યમાં ખૂબ જ લાભદાયી સાબિત થશે.

## વાપી આર.કે. દેસાઈ કોલેજ બી.બી.એ.ની બે વિદ્યાર્થીનીઓ ૧૦-૧૦ એસપીજીએ મેળવ્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સમાં અભ્યાસ કરતી બી.સી.એ. સેમેસ્ટર-૪ ની વિદ્યાર્થીનીઓ સાક્ષી સિંહ અને નંદિની ગુપ્તાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં ૧૦/૧૦ એસજીપીએ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીનીઓની આ શાનદાર સિદ્ધિ તેમના સતત પરિશ્રમ, સમર્પણ અને શૈક્ષણિક પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમની આ સફળતાથી સમગ્ર કોલેજ પરિવારમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, બી.સી.એ. વિભાગના એચઓડી નેહા પટેલ તેમજ કોલેજના સર્વ અધ્યાપક મંડળે બંને વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## કપરાડામાં 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સરકારી તાલુકા પુસ્તકાલયની મુલાકાત લીધી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને સર્વાંગી વિકાસના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે, કપરાડા પુસ્તકાલય ખાતે કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં 'પ્રગતિપથ યાત્રા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા સ્થાનિક નાગરિકો સાથે અર્થપૂર્ણ સંવાદ કરવામાં આવ્યો હતો.

ધારાસભ્યશ્રીએ ૧૨વર્ષ દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની ફળશ્રુતિ પર પ્રકાશ પાડ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ અને ખેડૂતોના હિત માટે લેવાયેલા પગલાંઓ તેમજ 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પે દેશના વિકાસને એક નવી અને મજબૂત દિશા આપી છે.

આ 'પ્રગતિપથ યાત્રા'નો મુખ્ય ઉદ્દેશ સરકારની વિવિધ લોકહિતકારી અને કલ્યાણકારી પહેલોને છેવાડાના માનવી અને જન-જન સુધી પહોંચાડવાનો છે. ઉપસ્થિત તમામ લોકો દ્વારા ભારતને પ્રગતિના શિખરે લઈ જવા અને 'વિકસિત ભારત @2047'ના નિર્માણના સ્વપ્નને સાકાર કરવામાં સક્રિયપણે સહભાગી બનવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં સ્વચ્છતા અભિયાન હેઠળ ખુલ્લી ગટરોની સાફ સફાઈ કરાઈ









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

'સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ નાગરિકોના સર્વાંગી સ્વાસ્થ્ય, સુખાકારી અને 'આદર્શ ગ્રામ પંચાયત'ની વિભાવનાને ચરિતાર્થ કરવા માટે લોક-ભાગીદારી થકી સ્વચ્છતા અભિયાન વધુ સક્રિય, વ્યાપક અને પરિણામલક્ષી બને તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત વલસાડ જિલ્લામાં 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન'નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત કપરાડા તાલુકાના ચાવશાળા, પારડી તાલુકાના ગોઈમા, ઉમરગામ તાલુકાના તુંબ, નાનાપોંઢા તાલુકાના કરાયા, વલસાડ તાલુકાના મગોદ ડુંગરી ગામમાં સ્વછતા અભિયાનમાં ખુલ્લી ગટરો, બંધ ગટરો અને ગ્રે-વોટર સિલ ચેમ્બરની સાફ-સફાઈ ગામના સરપંચશ્રી, તલાટીશ્રી, ગ્રામજનો તેમજ સફાઈ કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી. તમામ ગ્રામ પંચાયતના જનપ્રતિનિધિઓ અને સ્થાનિક લોકોએ સાથે મળીને આ સફાઈ ઝુંબેશમાં શ્રમદાન કરી સક્રિય ભાગ લીધો હતો.

સાથે સાથે ભારત મિશન (ગ્રામીણ) હેઠળ ઘન કચરાના સુવ્યવસ્થિત વ્યવસ્થાપન માટે અતુલ ફાઉન્ડેશન સાથે હેઠળ ઉમરગામ તાલુકાના પાંચ ગ્રામ પંચાયતો સાથે સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યા હતા.

સ્વચ્છતા અભિયાન થકી ગામના લોકોને કચરો ગમે ત્યાં ન ફેંકવા, સુકા અને ભીના કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવા તેમજ ખુલ્લી ગટરોમાં કચરો ન નાખી તેના યોગ્ય નિકાલ માટે જાગૃત કરવામાં આવ્યા હતા. ચોમાસાની ઋતુ પૂર્વે ખુલ્લી ગટરોની યોગ્ય સફાઈ થવાથી પાણીના નિકાલની સમસ્યા હલ થશે અને રોગચાળો ફેલાતો અટકશે, જેથી ગામનું વાતાવરણ શુદ્ધ અને આરોગ્યપ્રદ બનશે. ગામના વિવિધ જાહેર સ્થળો પર સફાઈ ઝુંબેશ ચલાવવાની સાથે પર્યાવરણ સંવર્ધનનો પણ પ્રેરક સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

## વલસાડના મોટા સુરવાડાથી ૩૫ વર્ષીય પરિણીતા ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

વલસાડ તાલુકાના મોટા સુરવાડા સ્કૂલ ફળિયા ખાતે રહેતા ૩૫ વર્ષીય શીતલબેન જયેશભાઈ પટેલ તા.૧૮/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૮-૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ શીતલ મજબૂત બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે ઝાંખા કથ્થઈ કલરની સાડી પહેરેલી હતી. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનનો નં.૮૧૬૦૭૦૪૨૭૮, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

### તા.૧૨ જૂન વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ

## વલસાડ જિલ્લો બાળમજૂરી નાબૂદીના પંથે: છેલ્લા ત્રણ વર્ષમાં બાળ મજૂરીના માત્ર બે કેસ મળી આવ્યા

- **જિલ્લાના ૪૦૦૦ ઉદ્યોગોની તુલનાએ હોટલ અને રેસ્ટોરન્ટોમાં તરૂણ શ્રમયોગી મળી આવતા માલિક સામે કાર્યવાહી**
- **જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં કુલ ૮૮ સ્થળે રેડ પાડવામાં આવી, માત્ર બે બાળ મજૂર મળ્યા જયારે ૧૦૨ તરૂણ મળ્યા**
- **તરૂણ શ્રમયોગી પાસે કામમાં નિયમ ભંગ બદલ ૪૮ કેસ કરી રૂ.૭,૨૭,૦૦૦નો દંડ ફટકારાયો**





### વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં થયેલી કામગીરી

| વર્ષ | મુલાકાત | રેડ | બાળ મજૂર | તરૂણ | શ્રમયોગી | કોર્ટ કેસનિકાલ (દંડ) |
|---|---|---|---|---|---|---|
| ૨૦૨૩-૨૪ | ૧૬૮ | ૩૧ | ૦૦ | ૨૬ | ૧૫ | ૨,૨૭,૦૦૦ |
| ૨૦૨૪- ૨૫ | ૧૨૯ | ૨૯ | ૦૨ | ૪૫ | ૧૭ | ૪,૮૦,૦૦૦ |
| ૨૦૨૫- ૨૬ | ૧૫૮ | ૨૮ | ૦૦ | ૩૧ | ૧૬ | ૨૦,૧૦૦ |
| **કુલ** | **૪૫૫** | **૮૮** | **૦૨** | **૧૦૨** | **૪૮** | **૭,૨૭,૧૦૦** |

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

''જ્યારે કોઈ બાળકના હાથમાં રમકડાં અને પુસ્તકોના બદલે કામના સાધનો દેખાય, ત્યારે સમજવું જોઈએ કે, માત્ર એક બાળક નહીં, પરંતુ સમાજનું ભવિષ્ય પણ મજૂરીના ભાર હેઠળ દબાઈ રહ્યું છે.'' બાળકો ભારતના ભાગ્ય વિધાતા છે એટલે જ તેમને દેશનું ઉજ્જવળ ભવિષ્ય કહેવામાં આવે છે. ત્યારે બાળકોના ભવિષ્ય સાથે ચેડા ન થાય તે માટે International Labour Organization (ILO) દ્વારા વર્ષ ૨૦૦૨થી તા.૧૨ જૂનને વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ બાળ મજૂરી સામે જાગૃતિ ફેલાવવાનો અને બાળકોને શિક્ષણ, સુરક્ષા તથા તેમના અધિકારો પ્રાપ્ત થાય તે માટે પ્રયત્નો કરવાનો છે.

આજે વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસની વાત કરીએ તો, વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં બાળ મજૂરીના નહિવત કેસો છે, પરંતુ ૧૪થી ૧૮ વર્ષની વય વચ્ચેના તરૂણો પાસે મજૂરી કરાવાતી હોવાના બનાવો જોવા મળી રહ્યા છે. જેને અટકાવવા માટે અને સરકારના નીતિ નિયમોનું પાલન કરાવવા માટે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી ટાસ્ક ફોર્સ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત સરકારની કડક નીતિઓ અને વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાળ મજૂરીની સામાજિક બદીને જડમૂળથી ઉખાડવા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. બાળ શ્રમિકોને મુક્ત કરાવવા અને ગુનેગારો સામે કાયદાકીય સકંજો કસવા માટે રચાયેલી ખાસ ટાસ્ક ફોર્સ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી સઘન કામગીરીના સત્તાવાર આંકડા તંત્રની સક્રિયતા દર્શાવે છે. જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા જિલ્લામાં ૪૫૫ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી અને ૮૮ જેટલા સ્થળે રેડ પાડવામાં આવી હતી. ૩ વર્ષમાં માત્ર બે બાળ મજૂર મળી આવતા માલિક સામે ગુનો દાખલ કરાયો હતો. આ સિવાય ૧૦૨ તરૂણ મળી આવ્યા હતા. જેમાં નિયમોના ભંગ બદલ માલિક સામે ૪૮ કેસ કરાયા હતા.

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

જેમાં કુલ રૂા.૭,૨૭,૧૦૦નો દંડ કરાયો હતો.

વલસાડ જિલ્લા મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના મદદનીશ શ્રમ આયુક્તશ્રી જી.એમ.ભૂટકા જણાવે છે કે, ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખી દર મહિને બે રેડ પાડવામાં આવે છે. જેમાં ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને તરૂણોને (૧૪ વર્ષથી મોટા અને ૧૮ વર્ષથી નાના) જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે. જેમાં કામે રાખનાર માલિકની તાત્કાલિક ધરપકડ કરી ગુના બદલ રૂા. ૧ લાખ સુધીનો દંડ અથવા બે વર્ષ સુધીની જેલ અથવા બંને સજા થઈ શકે છે.

જિલ્લા મદદનીશ શ્રમ આયુક્ત કચેરીના લેબર ઓફિસર એન.બી.પરમાર જણાવે છે કે, વલસાડ જિલ્લામાં અંદાજે ૪૦૦૦ જેટલા ઉદ્યોગો છે, તેમાં નહિવત બાળ મજૂરો જોવા મળે છે પરંતુ હોટલ અને રેસ્ટોરન્ટ પર તરૂણો કામ કરતા જોવા મળે છે. જેમાં નીતિ નિયમોનો ભંગ થતો જોવા મળે છે. બિન જોખમી વ્યવસાયમાં તરૂણ પાસે કામ કરાવી શકાય પરંતુ તે માટે ટાસ્ટ ફોર્સ પાસે મંજૂરી લેવાની હોય છે અને ૧૨ જેટલા નિયમાનું પાલન કરવાનું હોય છે. જેનો ભંગ થતા માલિક સામે દંડનીય કાર્યવાહી થાય છે. રેડ દરમિયાન ૧૪ વર્ષથી નીચેની વયનું બાળક મળે તો તે ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી તેને શિક્ષણ અને માતા-પિતાને રોજગાર આપવામાં તંત્ર મદદરૂપ થાય છે. જો પરપ્રાંતના બાળક મળી આવે તો જે તે રાજ્યને જાણ કરવાની હોય છે.

બાળપણ કામ માટે નહીં, પરંતુ શિક્ષણ, વિકાસ અને સપનાઓ સાકાર કરવા માટે છે. વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ આપણને એ સંદેશ આપે છે કે, કોઈપણ બાળકનું સ્થાન કામના સ્થળે નહીં, પરંતુ શાળામાં અને સુરક્ષિત પરિવારમાં હોવું જોઈએ. આવો, આપણે સૌ મળીને બાળ મજૂરીમુક્ત સમાજના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બનીએ અને દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે યોગદાન આપીએ.

# વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# જો કોઈ વકીલ કોર્ટમાં એ.આઈ. દ્વારા તૈયાર થયેલા ચુકાદાનો ઉપયોગ કરશે તો તે પણ સજાપાત્ર ઠરશે




**આ**ર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(એ.આઈ.)ની જાણકારી કે સલાહના આધારે અપાયેલો કોઈ પણ કાયદાકીય ચુકાદો ક્યારેય માન્ય નહીં રહે તેવું દેશની સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કરી દીધું છે. વધારે પડતા અનર્થો સર્જાય તે પૂર્વે જ સુપ્રીમ કોર્ટે આ અંગે મર્યાદા નક્કી કરી નાખી છે. આખા દેશની કોર્ટમાં એ.આઈ.નો ઉપયોગ નિયંત્રિત કરવા માટે રેગ્યુલેશન ફોર યુઝ ઓફ એ.આઈ. ઈન કોર્ટ ૨૦૨૬નો એક નવો જ ડ્રાફ્ટ તૈયાર થયો છે. એ.આઈ. સહાયક ઉપકરણ છે, આખરી નિર્ણય કે ચુકાદો તો માનવીય બુદ્ધિ પાસે જ છે, તે સર્વોચ્ચ અદાલતનો અહીં હેતુ છે. એ.આઈ.ના પ્રભાવથી કોઈ ક્ષેત્ર બાકી નથી. વેપારઉદ્યોગ, બેંકિંગ કે કળાસંગીત, ફિલ્મ બધું હવે આ નવી ટેક્નોલોજીની સહાયથી શક્ય છે. તબીબી ક્ષેત્રે પણ મહાક્રાંતિના મંડાણ થયાં છે. તે સ્થિતિમાં ન્યાયપ્રક્રિયામાં પણ એ.આઈ.નું હોવું નવી વાત નથી, પરંતુ સર્વોચ્ચ અદાલત કહે છે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્યારેય જજ કે તેના વિવેકની જગ્યા લઈ શકે નહીં. અત્યંત અગત્યની વાત એ થઈ છે કે, એ.આઈ.નો ઉપયોગ ક્યારેય આરોપીના જામીનની યોગ્યતા નક્કી કરવામાં, સાક્ષીઓની વિશ્વસનીયતા નક્કી કરવામાં કે કોઈ ન્યાયિક પરિણામનું અનુમાન લગાવવામાં થઈ શકે નહીં. જો કોઈ વકીલ કોર્ટમાં એ.આઈ. દ્વારા તૈયાર થયેલા ચુકાદાનો ઉપયોગ કરશે તો તે પણ સજાપાત્ર ઠરશે. કેસ મેનેજન્ટ, અનુવાદ, કાયદાકીય સંશોધનો જેવા કામો માટે એ.આઈ.નો ઉપયોગ થશે. ન્યાય માટે નહીં. સર્વોચ્ચ અદાલતનો આ ડ્રાફ્ટ ઘણો અગત્યનો છે. જો ન્યાય પ્રક્રિયા પણ એ.આઈ. આધારિત થઈ જાય તો જોખમ વધી જાય. કાયદાકીય પ્રક્રિયા તો જીવનમૃત્યુ સુધીની વાત છે અને તે કોઈ મિકેનિકલ કાર્યવાહી નથી. ન્યાયમાં સંવેદના કામ ન આવે, પરંતુ માનવીય વિચાર તો આવશ્યક છે જ. સર્વોચ્ચ અદાલતે જે કામ કાનૂની ક્ષેત્ર માટે કર્યું તે અન્ય બાબતો માટે પણ થવું હવે જરૂરી છે. બધે એ.આઈ. ધસમસતું આવી રહ્યું છે. સર્જનાત્મકતાના ક્ષેત્રે પણ તેનો પ્રવેશ થઈ ગયો છે. ક્રીપ્ટ લખવાથી માંડીને ડોક્યુમેન્ટરીઓ બનાવવા સુધીનું કામ થાય છે. રોજગારી ઉપર ખતરો છે જ. એ.આઈ. મનુષ્યે બનાવ્યું છે. મનુષ્યથી ઉપર થઈ ન શકે તેવી અવાસ્તવિક અને લાગણીભરી વાતોનો અર્થ નથી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, સર્ચ એન્જિન ઈન્ટરનેટની વાત જુદી હતી. આ મામલો આખો અલગ છે. અહીં તેને નિયંત્રિત કરવો જ પડશે. માનવીય સંવેદના સર્વોપરી છે તે બરાબર, પરંતુ જેમને વેપાર કરવો છે, ઓછા સમયમાં વધારે ઉત્પાદન કરીને કમાવું છે તેમને સંવેદનાના સ્તરથી શું નિસબત? સંસ્થાઓ, વેપાર, ઉદ્યોગગૃહો પોતે સમજે અને માનવીય ગરિમા કે માનવશ્રમનું મૂલ્ય કરે તો વાત અલગ છે. સર્વોચ્ચ અદાલતે પહેલ કરી છે, આ રસ્તે ચાલવા જેવું છે. એ.આઈ.ની અવગણના નથી, પરંતુ એ.આઈ.ના કારણે સર્જનાત્મકતા, માનવીય ગરિમાની અવગણના ન થાય તે તરફ પ્રયાણ છે.

## ભારત પર ફરી મંડરાયું મોટું સંકટ!

# હોર્મુઝ માર્ગ બંધ થતાં જ LPG, પેટ્રોલ-ડીઝલના ભાવ પર જોવા મળી શકે છે અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૧**

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્થિતિ ફરી વણસી ગઈ છે. યુદ્ધવિરામ તૂટી ચૂક્યું છે અને મિસાઈલો પોતાના ટાર્ગેટને નિશાન બનાવી રહી છે. અમેરિકાની મિસાઈલો કેશ્મ દ્વીપ, બંદર અબ્બાસ, મીનાબ અને સીરિકના વિસ્તારોને નિશાન બનાવી રહી છે, તો બીજી તરફ ઈરાન કુવૈત-બહેરીનમાં અમેરિકાના ઠેકાણાઓને ટાર્ગેટ કરી રહ્યું છે. આ દરમિયાન ઈરાને ફરીથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. હોર્મુઝનું બંધ થવું ભારત માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

અમેરિકાના હુમલા બાદ ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝને સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. ઈરાનના આ નિર્ણયથી ઓઈલ ટેંકરો અને વ્યાપારી જહાજોની અવર-જવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. સાથે જ ઈરાને ધમકી આપી છે કે, આદેશનું ઉલ્લંઘન કરનારાઓને નિશાન બનાવવામાં આવશે. ઈરાનના આ નિર્ણય બાદ હવે આખી દુનિયાની નજર ફરી એકવાર હોર્મુઝ પર ટકેલી છે. હોર્મુઝ પાસે અમેરિકા અને ઈરાનની સૈન્ય કાર્યવાહી તેજ થઈ ગઈ છે. ઓઈલ ટેંકરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેના કારણે શિપિંગ પર મોટું જોખમ મંડરાવા લાગ્યું છે.

**અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર શરૂ થયેલા યુદ્ધના કારણે હોર્મુઝ માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે:યુરિયા અને અન્ય ખાતરો માટે પણ ભારત મોટાભાગે ખાડી દેશો પર નિર્ભર છે, જો હોર્મુઝ નહીં ખુલે તો ખાતરના સંકટનો પણ સામનો કરવો પડી શકે છે**

હોર્મુઝનું સંપૂર્ણપણે બંધ થવું અને ટેંકરોને નિશાન બનાવવામાં આવવા તે ભારતની ચિંતા વધારી શકે છે. ઈરાનના આ નિર્ણય અને કોમર્શિયલ ટેંકરોને પર અમેરિકાની મિસાઈલના હુમલા ભારતમાં ઓઈલ અને LPG સંકટને વધારી શકે છે. હોર્મુઝના આ સંવેદનશીલ માર્ગથી ભારતની ૯૦ ટકાથી વધુ LPG આયાત થાય છે. ક્રૂડ ઓઈલનો મોટો જથ્થો આ જ માર્ગથી પાર કરીને ભારત પહોંચે છે.

મોટી માત્રામાં LNG પણ હોર્મુઝના માર્ગથી જ ભારત પહોંચે છે. હવે જ્યારે આ રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે, ત્યારે ભારતના ગેસ અને ઓઈલના સપ્લાય પર તેની અસર જોવા મળી શકે છે. ભારત સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત, UAE અને કતાર જેવા અગ્રણી LPG સપ્લાયર દેશો પાસેથી ગેસ ખરીદીને આ જ માર્ગે ભારત લાવે છે. જો હોર્મુઝ લાંબા સમય સુધી બંધ રહેશે, તો ભારતની મુશ્કેલીઓ વધશે. સૌથી પહેલા LPG સપ્લાય પર દબાણ વધી શકે છે. ભારત પોતાની જરૂરિયાતનો ૬૦ ટકા LPG ઈમ્પોર્ટ કરે છે અને કુલ આયાતનો ૯૦ ટકા હિસ્સો હોર્મુઝના માર્ગથી પસાર થાય છે. એટલે કે ભારતના LPGનો આશરે ૫૪ ટકા હિસ્સો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે. જો આ માર્ગ વહેલી તકે નહીં ખુલે તો ભારતમાં ફરી એકવાર LPG સંકટ જોવા મળી શકે છે.

યુદ્ધ શરૂ થયા પછી સુરક્ષા વચ્ચે બચતા-બચતા ૧૩થી વધુ ટેંકરોને હોર્મુઝ પાર કરીને ભારત પહોંચ્યા છે, પરંતુ હવે ઈરાને તેને સંપૂર્ણપણે બંધ કરવાની જાહેરાત કરી દીધી છે. હોર્મુઝ પરની આ આરપારની જંગની અસર ભારતમાં સિલિન્ડરની કિંમત અને તેના સપ્લાય બન્ને પર જોવા મળી શકે છે. ઓઈલ અને ગેસની સાથે-સાથે ફર્ટિલાઈઝર (ખાતર)ના સપ્લાય પર પણ અસર પડી શકે છે. યુરિયા અને અન્ય ખાતરો માટે પણ ભારત મોટાભાગે ખાડી દેશો પર નિર્ભર છે. જો હોર્મુઝ નહીં ખુલે તો ખાતરના સંકટનો પણ સામનો કરવો પડી શકે છે.

# ઈથેનોલ બ્લેન્ડ પેટ્રોલ થશે સસ્તું, સરકારે ઝીરો કરી એક્સરસાઈઝ ડ્યુટી

**સરકારે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી (કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક)ને સંપૂર્ણપણે નાબૂદ કરી:આ નિર્ણયથી ગ્રાહકોને મોટો ફાયદો થવાની આશા**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૧**

ઈરાન યુદ્ધના કારણે પશ્ચિમ એશિયામાં સ્થિતિ સામાન્ય રહી નથી. એનર્જી કોરિડોર તરીકે ઓળખાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી એલપીજી, પેટ્રોલ અને ડીઝલ ભરેલા જહાજોની અવરજવર લગભગ ઠપ થઈ ગઈ છે. આની અસર એશિયાથી લઈને યુરોપ સુધીના દેશો પર પડી રહી છે. ઘણા દેશોમાં તો એનર્જી ક્રાઈસિસ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે.

સરકારે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી (કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક) ને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધી છે. સરકારના આ નિર્ણયથી ગ્રાહકોથી લઈને તેલ કંપનીઓ અને સામાન્ય ખેડૂતોને પણ મોટો ફાયદો થવાની આશા છે. ઉલ્લેખનીય છે કે, સરકારે ઈથેનોલ મિક્સ પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટીને એવા સમયે ખતમ અથવા શૂન્ય કરવાનો નિર્ણય લીધો છે, જ્યારે ઈરાન યુદ્ધના કારણે એનર્જી કોરિડોર તરીકે પ્રખ્યાત હોર્મુઝ સ્ટ્રેટમાંથી ગેસની સાથે જ પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો ખોરવાયો છે. આવી સ્થિતિમાં, એનર્જી સિક્યોરિટીને (ઊર્જા સુરક્ષાને) લઈને નવી નીતિ અપનાવવામાં આવી રહી છે, જેથી દેશની ઊર્જા સુરક્ષાને સુનિશ્ચિત કરી શકાય.

મળતી માહિતી મુજબ, કેન્દ્ર સરકારે પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ બ્લેન્ડિંગને (મિશ્રણને) પ્રોત્સાહન આપવાની દિશામાં મોટું પગલું ભરતા ૨૨ ટકાથી લઈને ૩૦ ટકા સુધીના ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પર કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક (Excise Duty) અને કેટલાક અન્ય સેસ એટલે કે ઉપકરમાં મોટી છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. આ અંગે સરકારે ગેઝેટ નોટિફિકેશન (રાજપત્ર) પણ જાહેર કરી દીધું છે. આ નોટિફિકેશન હેઠળ E22, E25, E27 અને E30 શ્રેણીના પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી શૂન્ય (૦) કરી દેવામાં આવી છે.

**ત્રીજો સૌથી મોટો આયાતકાર દેશ:**

ભારત વિશ્વમાં કાચા તેલનો (ક્રૂડ ઓઈલનો) ત્રીજો સૌથી મોટો આયાતકાર અને વપરાશકર્તા દેશ છે. આવી સ્થિતિમાં સરકાર લાંબા સમયથી પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની નીતિ પર કામ કરી રહી છે. અત્યાર સુધી ઈ૨૦ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવી રહ્યો હતો, પરંતુ આ નવા નિર્ણયથી તેનાથી વધુ મિશ્રણ ધરાવતા ઈંધણને પણ મોટો વેગ મળશે.

**ઈંધણની કિંમતોને સ્થિર રાખવામાં મદદ મળશે :**

નિષ્ણાતોનું માનવું છે કે આ નિર્ણયથી ભવિષ્યમાં ઈંધણની કિંમતોને સ્થિર રાખવામાં મોટી મદદ મળી શકે છે. આ સાથે જ ઈથેનોલના ઉત્પાદન માટે કૃષિ ક્ષેત્રમાં માંગ વધશે, જેનાથી સીધો ખેડૂતોને ફાયદો થશે. જોકે, વધુ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો ઉપયોગ તમામ વાહનોમાં તરત જ શક્ય બનશે નહીં. આ માટે ઓટોમોબાઈલ ઉત્પાદકોએ (વાહન ઉત્પાદક કંપનીઓએ) એવા એન્જિન વિકસાવવા પડશે જે ઉચ્ચ ઈથેનોલ મિશ્રણ ધરાવતા ઈંધણ માટે સુસંગત (અનુકૂળ) હોય.

**ખેડૂતોની આવક વધારવામાં મદદ મળશે:**

ઈથેનોલ એક બાયો-ફ્યુઅલ (જૈવ-ઈંધણ) છે, જે મુખ્યત્વે શેરડી, મકાઈ અને અન્ય કૃષિ ઉત્પાદનોમાંથી તૈયાર કરવામાં આવે છે. પેટ્રોલમાં તેનો ઉપયોગ કરવાથી કાચા તેલની આયાત પર ભારતની નિર્ભરતા ઘટશે, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે અને ખેડૂતોની આવક વધારવામાં મોટી મદદ મળવાની અપેક્ષા છે. સરકારના આ પગલાને ઉર્જા સુરક્ષા વધારવા અને ગ્રીન ફ્યુઅલને (હરિત ઈંધણને) પ્રોત્સાહિત કરવાની દિશામાં અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.


## ૧૨ જૂન, બાળમજૂરી વિરોધ દિવસ

# આજનાં બાળકો આવતીકાલનું ભારત બનાવશે: ચાચા નહેરુ

**બાળકો એ દેશનું ભવિષ્ય છે, જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે**



**વ**ર્ષ ૨૦૦૨માં બાળમજૂરી અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી વિશ્વ મજુર સંગઠન, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૨ જૂનનો દિવસ ‘બાળમજૂરી વિરોધ દિવસ’ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાળમજૂરી એ વર્તમાન સમાજનું કલંક છે. તેનાથી લાખો કરોડો બાળકોનું આપણે બાળપણ છીનવાઈ રહ્યું છે. કોઈ પણ બાળકને પુખ્ત થયા પહેલા બાળમજૂરીમાં ધકેલી દેવાથી તેનો અભ્યાસ, સાધારણ વિકાસ, રમતગમત તેમજ મનોરંજનનો અધિકાર છીનવાઈ જાય છે. કેટલાક કિસ્સાઓમાં આવા બાળકો ગુનાખોરી કે વ્યસનની લતે પણ ચડી જતા હોય છે. ભણવાની ઉંમરે બાળકો ઘરકામ, ચાની કીટલી કે હોટલમાં મજૂરી, જોખમી ઔદ્યોગિક કામોમાં લાગી જતાં હોય છે. ખેતીકામ, ગૃહઉદ્યોગ, ઢોર ચરાવવા જેવા કામો પણ અનેક બાળકોએ કુમળી વયમાં કરવા પડે છે. આ તમામથી અતિ ગંભીર એવા ભીખ માગવામાં અને કેટલાક કિસ્સાઓમાં ડ્રગ ટ્રાફિકિંગ માટે પણ બાળકોનો ઉપયોગ થાય છે અને વળી, બાળકીઓના કિસ્સાઓમાં નાની ઉમરમાં વેશ્યાવૃત્તિ જેવા અતિ નિમ્ન કક્ષાનાં કાર્યો બળજબરીથી કરાવાય છે જે સમાજ માટે કલંક સમાન છે.



બાળમજૂરીને અટકાવવા માટે અનેક નીતિનિયમો બનાવવમાં આવ્યા છે, પણ હજુ સુધી દેશમાં બાળમજૂરી નાબુદ થઈ શકી નથી. ‘બાળમજૂરી વિરોધ દિવસ’ એ ફક્ત ઔપચારિકતા ન રહેતા સાર્થક કાર્ય બને તે જોવાનું દરેક જાગૃત નાગરિકનું નૈતિક કર્તવ્ય છે.

બાળમજૂરીને સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ, બાળમજૂરી વિરોધના કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ જેથી આ બાળમજૂરીનો વ્યવસાય ખતમ થઈ શકે.

બાળકોનાં સારા ઉત્તમ ભવિષ્ય માટે શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ એટલું જ નહીં શિક્ષણ નાનામાં નાના વર્ગનાં લોકોનાં બાળકો સુધી પહોંચે તેવા પ્રયાસો સતત કરવા જોઈએ. જેથી લોકોમાં જાગૃતિ આવશે અને બાળમજૂરી સંપૂર્ણપણે બંધ થશે. બાળકો એ દેશનું ભવિષ્ય છે, જો તેમને યોગ્ય શિક્ષણ મળશે તો દેશનું ભવિષ્ય પણ ઉજળું થશે.

**- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## દર વર્ષે ૮૦ કરોડથી વધુનું નુકસાન : રિપોર્ટ

# ભારતીય બેંકો પર AI સ્કેમનો મોટો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૧**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજી જ્યાં એકતરફ નાણાકીય ક્ષેત્રને આધુનિક બનાવી રહી છે, ત્યાં બીજી તરફ તે ભારતીય બેંકિંગ સેક્ટર માટે એક મોટો માથાનો દુખાવો બની ગઈ છે. બાયોકેચ દ્વારા કરવામાં આવેલા એક વૈશ્વિક સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, ભારતની આશરે ૮૪% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો છે. આ સર્વેમાં વિશ્વના ૨૫ દેશોના ૧,૪૪૦ નાણાકીય લીડર્સે ભાગ લીધો હતો, જેમાં ભારત આર્થિક કૌભાંડો અને AI આધારિત ડિજિટલ જોખમોથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં મોખરે રહ્યું છે.

**ભારતની આશરે ૮૪% બેંકિંગ સંસ્થાઓએ છેલ્લા એક વર્ષમાં ફ્રોડના કારણે થતા નાણાકીય નુકસાનમાં મોટો વધારો નોંધ્યો**

આ અહેવાલમાં બેંકિંગ અને નાણાકીય ગુના નિવારણ સાથે જોડાયેલા ભારતના ૧૦૦ અગ્રણી નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. તેમાંથી આશ્ચર્યજનક રીતે ૯૦% નિષ્ણાતોએ સ્વીકાર્યું છે કે તેમની સંસ્થાઓમાં છેતરપિંડીના પ્રયાસોમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે ૮૧%ના વૈશ્વિક સરેરાશ કરતાં ઘણો વધારે છે. અગાઉના વર્ષના સર્વેમાં આ આંકડો માત્ર ૭૦% હતો, જે દર્શાવે છે કે સાયબર ગુનેગારો હવે ભારતીય બેંકોને વધુ નિશાન બનાવી રહ્યા છે. આ ઉપરાંત, ૮૪% ઉત્તરદાતાઓ માને છે કે આગામી વર્ષમાં ફાઈનાન્સ સેક્ટરમાં સુરક્ષાની દ્રષ્ટિએ AI એજન્ટ્સ સૌથી નબળી કડી સાબિત થઈ શકે છે.

સર્વેક્ષણમાં નાણાકીય છેતરપિંડીમાં AIની સક્રિય ભૂમિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ભારતના ૯૩% નાણાકીય લીડર્સ માને છે કે AIના કારણે સાયબર ક્રિમિનલ્સના કૌભાંડોની રીતો વધુ હાઈટેક અને જટિલ બની ગઈ છે. વળી, ૯૦% લોકોનું કહેવું છે કે ભવિષ્યમાં AIની મદદથી કરવામાં આવતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને સામાન્ય ગ્રાહકોની સાચી પ્રવૃત્તિઓ વચ્ચેનો તફાવત પારખવો બેંકો માટે અત્યંત મુશ્કેલ બની જશે. ભારતીય બેંકિંગ લીડર્સ સાયબર છેતરપિંડી જે ઝડપથી અંજામ આપવામાં આવે છે તેનાથી સૌથી વધુ ચિંતિત છે. ભારતમાંથી ૯૫% ઉત્તરદાતાઓએ ફ્રોડની વધતી સ્પીડ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેની સામે વૈશ્વિક સરેરાશ માત્ર ૭૬% છે. આ ફ્રોડના કારણે ભારતીય બેંકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે, જેમાં સર્વેક્ષણમાં સામેલ લગભગ અડધી (૪૮%) ભારતીય બેંકો દર વર્ષે ૧૦ મિલિયન ડોલર એટલે કે આશરે ૮૩ કરોડ રૂપિયાથી વધુ ગુમાવી રહી છે.



અહેવાલમાં સૌથી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે ઈન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ ડિજિટલ ફ્રોડના મુખ્ય સ્ત્રોત બની રહ્યા છે. ભારતના ૬૬% બેંકિંગ લીડર્સે ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ દ્વારા થતા સ્કેમને વકી રહેલી છેતરપિંડીનું સૌથી મોટું કારણ ગણાવ્યું છે, જે ૫૯%ના વૈશ્વિક સરેરાશથી ઘણું વધારે છે. રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ભારતભરમાં UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)ના ઝડપી સ્વીકાર અને ડિજિટલ ક્રાંતિએ સાયબર ઠગો માટે છેતરપિંડીના નવા અને સરળ રસ્તાઓ ખોલી આપ્યા છે.

# ચીને હિન્દુઓની આસ્થા પર કર્યો ઘા : કૈલાશ માનસરોવર યાત્રામાં ભારતીયોને નો એન્ટ્રીનો નિર્ણય

**હવે માત્ર બિન નિવાસી ભારતીય(એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેઈજીંગ, તા.૧૧**

ચીન સરકારે જૂન-જુલાઈમાં ભારતીય નાગરિકોને કૈલાશ માનસરોવર યાત્રાની પરમીટ પર પાબંધી લગાવી લીધી છે. ડ્રેગનની અવળચંડાઈને લીધે શ્રદ્ધાળુઓ તિબેટ-ચાઈના બોર્ડર પર અટવાયાં છે. હવે માત્ર બિન નિવાસી ભારતીય (એનઆરઆઈ)ને જ કૈલાશ માનસરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. ટૂંકમાં, ડ્રેગને ભારતીય યાત્રાળુઓની આસ્થા પર ઘા કર્યો છે.

થોડાક દિવસો અગાઉ જ ચીન સરકારે ભારતીય શ્રદ્ધાળુઓ માટે કોમન કિચનનો નિયમ લાગુ કર્યો હતો. ધાર્મિક માન્યતા સાથે પ્રાદેશિક સ્વાદ જાળવવો મુશ્કેલ બન્યો હતો તેમ છતાં યાત્રાળુઓએ ચીન સરકારની મનમાની ચલાવી લીધી હતી. આ ઉપરાંત ચાઈના પ્રશાસન દ્વારા વિઝા આપવામાં જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે હાલમાં ૩,૦૦૦થી વધુ ભારતીયોની પરમિટ પેન્ડિંગ પડી છે.

ચીન સરકારના કૈલાશ માન સરોવર યાત્રાને લઈને તઘલઘી નિર્ણયને લીધે શ્રદ્ધાળુઓની પરેશાની વધી છે. આ ઉપરાંત તિબેટ બોર્ડર પર જમાવડો સરહદ પર યાત્રાળુઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. વિઝા અને પરમિટ ન મળવાના કારણે હજારો કિલોમીટર દૂરથી આવેલા ઘણાં યાત્રાળુઓને પવિત્ર યાત્રા કર્યા વિના જ ભારે હૈયે પરત ઘરવાપસી કરી રહ્યાં છે.

ચીન સરકારે એવો નિયમ ઘડ્યો છે, માત્ર પોઈન્ટ પાસપોર્ટ ધરાવતા એનઆરઆઈ (બિન-નિવાસી ભારતીય) હોલ્ડર્સ જ કૈલાશ માનસરોવરની યાત્રા કરી શકશે. ભારતના સામાન્ય નાગરિકો માટે યાત્રાના દરવાજા હાલ પૂરતા બંધ કરી દેવાયા છે.

ડ્રેગન શ્રદ્ધાળુઓની આસ્થા સાથે ખિલવાડ કરી રહ્યુ છે તેમ ભારતીય વિદેશ મંત્રાલયે હાલ આ મુદ્દે સંપૂર્ણ ચૂપકીદી સાધી લીધી છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કરવામાં આવ્યું નથી. ગુજરાતના ટુર ઓપરેટરોએ પણ આ મામલે કેન્દ્ર સરકારને લેખિત રજૂઆત પણ કરી હતી.

## બિલ ગેટ્સના સનસનીખેજ દાવાથી દુનિયા ચોંકી

# ‘અફેર અંગે એપસ્ટિન બ્લેકમેઈલ કરી રહ્યો હતો’

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૧૧**

માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે. બિલ ગેટ્સે જણાવ્યું છે કે જાતીય ગુનેગાર જેફરી એપસ્ટિને તેમના જૂના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધો)ને લઈને તેમને બ્લેકમેઈલ કર્યા હતા. એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે. બિલ ગેટ્સ અમેરિકન સંસદની ‘હાઉસ ઓવરસાઈટ એન્ડ ગવર્નમેન્ટ રિફોર્મ કમિટી’ સમક્ષ હાજર થયા હતા, જે સમિતિ એપસ્ટિન મામલામાં વહીવટીતંત્રે કરેલી કામગીરી અને તેની સાથે જોડાયેલા વગદાર લોકોના નેટવર્કની તપાસ કરી રહી છે.

ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેઓ પરોપકારના કાર્યોના મામલે એપસ્ટિને મળ્યા હતા, ત્યારે તેઓ તેના ગુનાઓની ગંભીરતાને પૂરી રીતે સમજી શક્યા નહોતા.

બિલ ગેટ્સે સમિતિ સમક્ષ જણાવ્યું હતું કે, ‘આ અફેર્સને અને એપસ્ટિન સાથેની મારી વાતચીતને કોઈ લેવાદેવા નહોતી, પરંતુ આ આખો મામલો મારા પરિવાર માટે ખૂબ જ દુઃખદ હતો. એપસ્ટિને મારી આ ભૂલનો ફાયદો ઉઠાવ્યો અને તેના પર અનેક જૂઠી વાતો ઉમેરીને મારી પર ફરીથી તેની સાથે જોડાવા માટે દબાણ કર્યું હતું.’ જોકે, બિલ ગેટ્સે એપસ્ટિન સાથે કોઈ પણ પ્રકારના અંગત કે દોસ્તીના સંબંધો હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, એપસ્ટિન સાથે તેમની મુલાકાતો માત્ર ચેરિટી, ગ્લોબલ હેલ્થ અને ફંડ એકઠું કરવા જેવા સામાજિક કામો પૂરતી જ સીમિત હતી.

સાંસદોને આપેલા જવાબમાં બિલ ગેટ્સે જણાવ્યું હતું કે, હું ક્યારેય તેના ટાપુ, તેના ફાર્મહાઉસ કે ફ્લોરિડાવાળા ઘરે ગયો નથી. મેં ક્યારેય કોઈનું શોષણ કર્યું નથી. બની શકે કે તેણે અંગત સંબંધો વધારવાનો પ્રયાસ કર્યો હોય, પરંતુ મારો આવો કોઈ રસ નહોતો અને મેં ક્યારેય તેની સામે હાથ લંબાવ્યો નથી. હું એપસ્ટિન સાથે વર્ષ ૨૦૧૧માં જોડાયો હતો, જે એવો સમય હતો જ્યારે એપસ્ટિન ફ્લોરિડામાં વેશ્યાવૃત્તિના આરોપમાં જેલની સજા કાપી ચૂક્યો હતો.

બિલ ગેટ્સે જણાવ્યું કે, ‘વર્ષ ૨૦૧૪માં જ્યારે મને સમજાયું કે એપસ્ટિન દ્વારા ચેરિટી માટે ફંડ એકઠું કરવાના પ્રયાસો નકામા જઈ રહ્યા છે, ત્યારે તેમણે તેની સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા. ગેટ્સના જણાવ્યા મુજબ, તે વળાંક પર મને સમજાયું કે એપસ્ટિન પોતાના વાયદા ક્યારેય પૂરા નહીં કરે, તેથી મેં તેને કહી દીધું હતું કે હવે આપણે આગળ કોઈ વાત નહીં કરીએ અને તેની સાથે મળવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું હતું.’ ગેટ્સે એ બાબત પણ નોંધી હતી કે તેમણે ક્યારેય એપસ્ટિનને કોઈ ગુનાહિત કૃત્ય કરતો જોયો નહોતો. સંસદની આ દ્વિપક્ષીય સમિતિએ બિલ ગેટ્સ પર તીખા સવાલોનો મારો ચલાવ્યો હતો. બંને પક્ષના સાંસદોએ પૂછ્યું કે, જ્યારે એપસ્ટિનના જૂના ગુનાઓ અને સજાની વાત જગજાહેર હતી, તો ગેટ્સ તેને કેમ મળતા રહ્યા? કમિટીના ટોચના ડેમોક્રેટિક સાંસદ રોબર્ટ ગાર્સિયાએ સુનાવણી બાદ જણાવ્યું કે, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે તેમને એપસ્ટિનના જૂના ગુનાઓની માહિતી હતી. બીજી તરફ, રિપબ્લિકન સાંસદ ટિમ બર્ચેટે એપસ્ટિનને ‘ફ્રેન્ડ કલેક્ટર’ ગણાવતા કહ્યું કે, એપસ્ટિન મોટા અને વગદાર લોકોને એકઠા કરવાનો શોખીન હતો જેથી તે પોતાનો પ્રભાવ વધારી શકે અને આ રીતે જ તેણે લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હતા.

# ઈરાનનો અત્યાર સુધીનો સૌથી મોટો વળતો પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૧૧**

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કડક ચેતવણી અને અમેરિકન સેના દ્વારા ટૉમહૉક ક્રૂઝ મિસાઈલોના પ્રહાર બાદ, ઈરાને પણ અમેરિકા સામે આરપારની લડાઈનું એલાન કરીને જોરદાર વળતો પ્રહાર કર્યો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ દાવો કર્યો છે કે તેણે બહેરીનમાં સ્થિત અમેરિકન નૌકાદળના પાંચમા બેડાના હેડક્વાર્ટરને નિશાન બનાવીને ‘શાહિદ-૧૩૬’ વિનાશક આત્મઘાતી ડ્રોનથી મોટો હુમલો કર્યો છે. ઈરાને ફરી એકવાર બહેરીન, કુવૈત અને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓને હચમચાવી નાખ્યા હતા. ઈરાની ન્યૂઝ એજન્સી ના જણાવ્યા અનુસાર, IRGC ની એરોસ્પેસ ફોર્સ અને નેવીએ બે તબક્કામાં મોટું ઓપરેશન પાર પાડ્યું છે.

## મણિપુર ફરી ભડકે બળ્યું

# ૨૮ દિવસથી ગુમ ૬ નાગા લોકોની નિર્દયતાપૂર્વક હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૧**



મણિપુરના કાંગપોકપી જિલ્લાના લેઈલોન વૈફેઈ ગામમાંથી છ લોકોના અત્યંત ખરાબ હાલતમાં મૃતદેહ મળી આવ્યા છે, જેના કારણે રાજ્યમાં ફરીથી મોટો તણાવ ઊભો થયો છે. આ મૃતદેહ ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા ફરતી વખતે અપહરણ કરાયેલા છ નાગા નાગરિકોના હોવાની આશંકા છે.

મણિપુર પોલીસ, CRPF અને આસામ રાઈફલ્સના 450 જવાનોની 15 ટીમોએ સ્નિફર ડોગ્સ અને ફોરેન્સિક ટીમની મદદથી સતત 24 કલાક સુધી મોટું સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ ઓપરેશન પછી બુધવારે બપોરે આ લાશ મળી આવી હતી. જોકે, મૃતદેહ એટલી હદે સડી ગયા છે કે તેને માત્ર જોઈને ઓળખવા મુશ્કેલ છે. મણિપુર પોલીસે સોશિયલ મીડિયા પર આ અંગે સત્તાવાર માહિતી આપીને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. હવે આ લોકોની સાચી ઓળખ કરવા માટે મૃતદેહને ઈમ્ફાલની JNIMS અને RIMS હોસ્પિટલમાં DNA ટેસ્ટ માટે મોકલવામાં આવશે.

લેઈલોન વૈફેઈ ગામમાંથી શવ મળવાની વાત વાયુવેગે ફેલાઈ જતાં જ નાગા સમુદાયના લોકો અને મૃતકોના સંબંધીઓ મોટી સંખ્યામાં JNIMS અને RIMS હોસ્પિટલ ખાતે એકઠા થઈ ગયા હતા. ધીમે-ધીમે આ ભીડ ઉગ્ર બનવા લાગી હતી અને હોસ્પિટલને ઘેરી લીધી હતી. પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસે તાત્કાલિક બેરિકેડ્સ લગાવી દીધા હતા અને ઉગ્ર બનેલી ભીડને વિખેરવા માટે ટીયર ગેસ છોડવો પડ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે બુધવાર સાંજે સેનાપતિ જિલ્લામાં એક ઉગ્ર ટોળાએ બે ટ્રકોને આગ ચાંપી દીધી હતી, જોકે સદનસીબે આ આગજનીમાં કોઈ જાનહાનિ થઈ નથી.

પરિવારજનો અને અલગ-અલગ સંગઠનોના જણાવ્યા મુજબ, લાપતા થયેલા આ છ નાગા પુરુષોના નામ મનુ થિયુમાઈ, કેનપીબૌ, ફેનરોન્ગવી થિયુમાઈ, દિલીપ થિયુમાઈ, કાલિવાન્ગબૌ અબોનમાઈ અને સીએચ ફેનરીલુંગ છે. આ તમામ લોકો ગત 13 મેના રોજ કોન્શાખુલથી પાછા આવી રહ્યા હતા, ત્યારે લેઈલોન વૈફેઈ ગામ પાસેથી અચાનક ગાયબ થઈ ગયા હતા.


વાસ્તવમાં આ આખો મામલો 13 મેના રોજ નોની અને કાંગપોકપી જિલ્લામાં ફાટી નીકળેલી હિંસા સાથે જોડાયેલો છે. તે દિવસે ત્રણ પાદરીઓ સહિત ચાર લોકોની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના પછી નાગા અને કુકી સમુદાય વચ્ચે તણાવ વધી ગયો અને બંને તરફથી કુલ 44થી 48 લોકોને બંધક બનાવી લેવાયા હતા. તેમાંથી મહિલાઓ અને બાળકો સહિત કેટલાક લોકોને શરૂઆતમાં જ છોડી દેવાયા હતા. ત્યારબાદ, સરકારે નાગા લોકોને સુરક્ષિત પાછા લાવવાનો ભરોસો આપ્યો એટલે નાગા સંગઠનોએ પણ દયા રાખીને પોતાના કબજામાં રહેલા કુકી સમુદાયના 14 લોકોને મંગળવારે મુક્ત કરી દીધા હતા. પરંતુ તેના બીજા જ દિવસે આ છ નાગા નાગરિકોના મૃતદેહ મળી આવ્યા.

લિયાન્ગમાઈ નાગા કાઉન્સિલના પ્રમુખ ટિમોથીએ ભારે દુઃખ સાથે જણાવ્યું કે, આ ક્રૂર હત્યાથી અમારો આખો સમુદાય આઘાતમાં છે. આ ભયાનક હત્યાકાંડ સામે નાગા સમુદાયની સર્વોચ્ચ સંસ્થા ‘યુનાઈટેડ નાગા કાઉન્સિલ’ (UNC)એ ભારે રોષ વ્યક્ત કર્યો છે અને નાગા પ્રભુત્વવાળા વિસ્તારોમાં 24 કલાકના બંધનું એલાન આપ્યું છે. આ સાથે જ નાગા સંગઠને રાજ્યના ડેપ્યુટી સીએમ નેમચા કિપગેનને તેમના પદ પરથી તાત્કાલિક હટાવવાની આકરી માગ કરી છે. સંગઠનનો આરોપ છે કે ડેપ્યુટી સીએમ નેમચા કિપગેન એ ‘કુકી નેશનલ ફ્રન્ટ-પી’ (KNF-P)ના પ્રમુખ સેમટિનથાંગ કિપગેનના પત્ની છે.




## રાજકુમાર રાવ અને મેડોક ઘણીવાર એકબીજા સાથે કામ કરી ચુક્યા છે

# રાજકુમાર રાવની ‘પ્રહાર- ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી’ ૭ ઓગસ્ટે રિલીઝ થશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દિનેશ વિજાનનું મેડોક ફિલ્મ્સ અને રાજકુમાર રાવ ફરી એક વખત સાથે કામ કરી રહ્યા છે. સ્ત્રી અને સ્ત્રી ૨માં કામ કરીને પછી રાજકુમાર રાવ હવે ‘પ્રહાર- ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી’માં કામ કરશે, આ એક વાસ્તવિક ઘટનાઓ પર આધારીત ફિલ્મ છે, જે ૭ ઓગસ્ટ ૨૦૨૬ના દિવસે રિલીઝ થવાની છે. આ ફિલ્મને અવિનાશ અરુણ ડિરેક્ટ કરી રહ્યા છે અને રાજકુમાર રાવ આ ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મની કાસ્ટમાં વામિકા ગબ્બી, સિકંદર ખેર અને જયદીપ આહલાવત જેવા મજબુત કલાકારો પણ મહત્વના રોલમાં જોવા મળશે.

મેડોક ફિલ્મ્સે આ ફિલ્મ પ્રોડ્યુસ કરી છે. મેકર્સે આ ફિલ્મની સ્ટોરી જાહેર કરી નથી અને ફિલ્મના નામ પરથી ખ્યાલ આવે છે કે આ ફિલ્મ ઉજ્જવલ નિકમના કામ અને જીવન પર આધારીત હશે. જેઓ એક જાણીતા વકીલ હતા. આ વાસ્તવિક ઘટનાઓ પરની ગંભીર અને ડ્રામા ફિલ્મ હશે, જેમાં કોઈ એવા કોર્ટ કેસની વાત હશે, જેણે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું હતું.

રાજકુમાર રાવ અને મેડોક વારંવાર એકબીજા સાથે કામ કરી ચુક્યા છે, રાજકુમાર મેડોકનો ગમતો કલાકાર છે, આ પહેલાં તેમણે મેડ ઈન ચાઈનાથી શરૂ કરીને રૂહી, હમ દો હમારે દો, સ્ત્રી અને સ્ત્રી ૨માં કામ કર્યું છે, આ તેમના સંબંધનું એક નવું પ્રકરણ હશે. સાથે જ રાજકુમાર અને વામિકા પણ આ પહેલાં ભૂલ ચુક માફમાં સાથે કામ કરી ચુક્યા છે. આ તેમની બીજી ફિલ્મ હશે.

## એક ફ્રેન્ચ ફિલ્મની કોપી હોવાનો પણ આરોપ

# આલિયાની આલ્ફાનું ટીઝર લોન્ચ થતાં જ ભારે ટીકાઓ




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની ફિલ્મ ‘આલ્ફા’નું ટીઝર આજે લોન્ચ થતાં વેંત જ સોશિયલ મીડિયા પર ટીકાઓનો ભારે વરસાદ વરસ્યો હતો. શર્વરી વાઘની ગેરહાજરી, ધુરંધરની સરખામણીમાં નબળાં ચિત્રણ તથા એક ફ્રેન્ચ ફિલ્મની કોપી હોવા બાબતે ચાહકોએ ઝાટકણી કાઢી હતી.

ફિલ્મનાં ટીઝરમાં શર્વરી વાઘની ગેરહાજરીથી તેના ચાહકો ધૂંધવાયા હતા. તેમણે એવી કોમેન્ટસ કરી હતી કે ટીઝરમાં વાસ્તવમાં આલિયા અને શર્વરી બંનેનાં પાત્રનું ઈન્ટ્રોડક્શન હોવું જોઈએ. આ ફિલ્મ એકલી આલિયાની છે તેવી છાપ ન જવી જોઈએ. કેટલાક ફિલ્મ ચાહકોએ તો એવો આરોપ કર્યો હતો કે આ ટીઝરનો સીન એક ફ્રેન્ચ ફિલ્મ ‘લા ફેમ નિકિતા’ પરથી ઉઠાવાયો છે. આ ફ્રેન્ચ ક્લાસિક ફિલ્મમાં પણ એક યુવાન છોકરીને હત્યારી બનાવવા માટે ભરતી કરી ટ્રેનિંગ આપવામાં આવે છે તેવી વાર્તા છે. ચાહકોએ નોંધ્યું હતું કે, એ ફિલ્મ અને ‘આલ્ફા’નાં ટીઝરમાં ઘણી બધી સામ્યતાઓ જોવા મળી રહી છે. બીજી તરફ ‘ધુરંધર’ ફિલ્મના ચાહકોએ તો એમ કહી દીધુ હતું કે જ્યાં સુધી એ સ્તરનું વાસ્તવદર્શી અને આક્રમક ચિત્રણ શક્ય ન હોય ત્યાં સુધી કોઈએ સ્પાય ફિલ્મ બનાવવાનો પ્રયાસ જ ન કરવો જોઈએ.

# મારા માટે ‘રીટા બ્રાઉન’નો રોલ પડકારજનક : કરીશ્મા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

કરીશ્મા કપૂરની સિરીઝ ‘બ્રાઉન’માં તેનાં અભિનયનાં વખાણ થઈ રહ્યા છે. તાજેતરમાં તેની આ સિરીઝ ઝી ૫ પર આવી છે. ડાર્ક વાર્તા કહેતી આ રહસ્યમય સિરીઝ અભિનય દેવ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જેમાં એક રીટા બ્રાઉન નામની એક ડિટેક્ટિવની વાર્તા છે. જે અંગત જીવનમાં સંઘર્ષ સાથે અઘરા કેસની તપાસમાં વ્યસ્ત છે.




આ સિરીઝમાં કરીશ્મા કપૂર એક અલગ રોલમાં જોવા મળે છે, જે તેનાં આગળના ફેશનેબલ, ગ્લેમરસ પ્રકારના રોલથી ઘણું અલગ છે. કરીશ્માએ આ રોલ માટે રીટાની ખામીઓ, નબળાઈઓ અને ભાવનાત્મક પડકારોને પણ અપનાવી લીધાં હતાં. આ સિરીઝ માટે કરીશ્માના અભિનયના ઘણા વખાણ થઈ રહ્યા છે. જોકે, આ રોલ તેની કેરિઅરનો સૌથી પડકારજનક રોલ રહ્યો છે. આ અંગે કરીશ્માએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, “મને લાગે છે કે, હું જેવી છું, એવું ‘રીટા બ્રાઉન’માં કશું જ નથી. એ શરાબી છે, એ ધુમ્રપાન પણ કરે છે, એ દવાઓ પર રહે છે. એ અકડુ છે, બિલકુલ તુટેલી છે. સ્ક્રીન પર એટલું ઉગ્ર દેખાવા અને પોતાની જાતને એટલી હદ સુધી લઈ જવી એ મારા માટે જેટલું ઉત્સાહ વધારનારું હતું એટલો જ મોટો પડકાર હતો.”

કરીશ્માએ કહ્યું, “મને આ પ્રક્રિયાની દરેક ક્ષણમાં મજા આવી છે અને એનાં ગાંડપણમાં પણ એક પ્રક્રિયા હતી. તે સતત પોતાનાં કપમાંથી કશુંક પીધાં કરે છે. તે જ્યારે તપાસ માટે જાય છે, તે પોતાના વાળ ફરી બાંધશે. આ એટલી નાની વાતો છે કે તમે ધ્યાનમાં પણ ન લો. તમારે આવી નાની વાતોનું ધ્યાન રાખવાનું હોય તો, એક કલાકાર તરીકે આ બહુ મજાની વાત છે. એટલે મારા માટે આ એક બહુ અલગ અનુભવ હતો.”

## લોકોને એક એક્ટર વર્ષમાં ત્રણ ચાર ફિલ્મોમાં જોવા મળે

# મેં ક્યારેય ફિલ્મો કે એક્ટિંગ છોડી જ નથી : હર્ષવર્ધન કપૂર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અનિલ કપૂરના દીકરા હર્ષવર્ધન કપૂરે ૨૦૧૬માં ‘મિઝર્યા’ ફિલ્મથી એક્ટિંગમાં ડેબ્યુ કર્યું હતું. ત્યાર પછી તેણે ‘ભાવેશ જોશી સુપર હિરો’ કરી. વચ્ચે તે ૨૦૨૦માં અનિલ કપૂરની જ એક ઓટીટી ફિલ્મમાં કેમિયો કરતો જોવા મળ્યો અને ૨૦૨૧માં વધુ એક ઓટીટી ફિલ્મ ‘રાય’માં એક એપિસોડમાં જોવા મળ્યો હતો. પછી તેની છેલ્લી ફિલ્મ ૨૦૨૨માં ‘થાર’માં જોવા મળ્યો હતો, આ ફિલ્મ તેણે પ્રોડ્યુસ પણ કરી હતી. પરંતુ ત્યાર પછી તે કોઈ પણ ફિલ્મમાં કે ઓટીટી પર જોવા મળ્યો નથી. પરંતુ તાજેતરમાં એક સોશિયલ મીડિયા ચર્ચામાં તેણે સ્પષ્ટતા કરી છે કે તેણે ક્યારે એક્ટિંગ છોડી નથી અને તે છેલ્લાં કેટલાંક વર્ષોથી એક પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે.

હર્ષવર્ધનની એક પોસ્ટ પર ૮ જૂને એક વ્યક્તિએ કમેન્ટ કરીને પૂછ્યું હતું કે, હર્ષવર્ધનનું કામ વખણાતું હોવા છતાં છેલ્લાં કેટલાંક સમયથી જાણે તેણે પોતાની જાતને એક્ટિંગથી દૂર કરી દીધી હોય એવું લાગે છે. આ યુઝરે લખ્યું કે, ભલે તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર ભલે ખાસ કોઈ આંકડા ન બતાવી શકી હોય પરંતુ તેનું કામ તો વખણાયું છે અને દર્શકો તેને સ્ક્રિન પર ફરી જોવા માગે છે.



આ પોસ્ટના જવાબમાં હર્ષવર્ધને તેણે એક્ટિંગ છોડી દીધી હોવાની વાત ફગાવી દીધી હતી અને સમજાવ્યું હતું કે, તે જે પ્રકારનું કામ કરવા માગે છે, તેની તૈયારીઓ ઘણી લાંબી હોય છે. હર્ષવર્ધને લખ્યું, “મેં કામ બિલકુલ છોડ્યું નથી અને હું થાર રિલીઝ થઈ એ દિવસથી બીજી ફિલ્મનું કામ શરૂ કરી દીધું છે, થારને બનતા ૫ વર્ષ લાગ્યાં હતાં. ભાવેશે તેના પર વર્ષો સુધી કામ કર્યું હતું અને મને તેની તૈયારી કરતા લગભગ ૨-૩ વર્ષ થયાં હતાં. હવે હું જે ફિલ્મ પર કામ કરી રહ્યો છું એનું શૂટિંગ મેં ૩૦ જૂને પૂરું કર્યું હતું અને આ ફિલ્મ પણ હું પ્રોડ્યુસ કરી રહ્યો છું.”

હર્ષવર્ધને એવું પણ કહ્યું કે, દર્શકોને મેઈનસ્ટ્રીમ હિરોને વર્ષમાં બે ત્રણ ફિલ્મોમાં જોવાની ટેવ હોય છે. પરંતુ તે જે પ્રકારની ફિલ્મોમાં કામ કરે છે, તેમાં તૈયારી અને કામ કરતા સમય લાગે છે. તેણે લખ્યું, “લોકોને એક એક્ટરને વર્ષમાં ત્રણ ચાર ફિલ્મોમાં જોવા મળે... પણ જો તમારે ભાવેશ જોશી કે થાર કે એકે વર્સીસ એકે કે રાય જેવી ફિલ્મો જોવી હોય તો એ વર્ષમાં એક કે બે જ રહેશે, એ જ વાસ્તવિકતા છે. પરંતુ થેંક યુ અને નવી ફિલ્મ બેસ્ટ હશે અને ૧૦૦ ટકા બિલકુલ અલગ હશે.”

# વાપીમાં કિશોરી સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા, ૧૦ હજારનો દંડ



## કેસમાં પોલીસે નરાધમ આરોપી રાજકુમારની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વાપી,તા.૧૧**

વાપી વિસ્તારમાં રહેતી એક કિશોરીને લસ્સીમાં માદક પદાર્થ પીવડાવી, તેની સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેના નગ્ન ફોટા અને વીડિયો ઉતારી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ બ્લેકમેલિંગ કરીને વારંવાર તેનું શારીરિક શોષણ કરવામાં આવ્યું અને અંતે આ ફોટા તથા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દેવાયા હતા. આ ગંભીર કેસમાં વાપીની એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા અને રૂપિયા ૧૦,૦૦૦નો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે, જ્યારે ભોગ બનનાર પીડિતાને રૂપિયા ૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

કેસની વિગત પર નજર કરીએ તો વાપી વિસ્તારમાં એક પરપ્રાંતિય પરિવાર રહે છે. વર્ષ ૨૦૨૧માં પાડોશમાં રહેતો રાજકુમાર સિંગ આ પરિવારના ઘરે પહોંચ્યો હતો. તે સમયે કામિની (નામ બદલ્યું છે) ઘરે એકલી હોવાથી તેણે તેની લસ્સીમાં નશીલો પદાર્થ ભેળવી દીધો હતો. લસ્સી પીધા બાદ કામિની બેભાન થઈ ગઈ હતી, જેનો લાભ ઉઠાવીને રાજકુમારે તેની પર દુષ્કર્મ આચર્યું હતું અને કામિનીના નગ્ન ફોટા તથા વીડિયો ઉતારી લીધા હતા.

ત્યારબાદ, રાજકુમારે આ વીડિયો અને ફોટા બતાવીને તેને બદનામ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. રાજકુમારે ૨ વર્ષના સમયગાળા દરમિયાન કિશોરીને ડરાવી-ધમકાવીને વારંવાર તેનું શારીરિક શોષણ કર્યું હતું. એટલું જ નહીં, અંતે રાજકુમારે કામિનીના નગ્ન ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ પણ કરી દીધા હતા.આ ત્રાસથી કંટાળીને આખરે કામિનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે નરાધમ આરોપી રાજકુમારની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ (પબ્લિક પ્રોસિક્યુટર)એ ભોગ બનનાર પીડિતા, તેના પરિવારજનો અને અન્ય સાક્ષીઓના નિવેદનો તેમજ મેડિકલ રિપોર્ટ સહિતના સજ્જડ પુરાવાઓ રજૂ કર્યા હતા.

કેસના તમામ પાસાઓની સુનાવણી બાદ કોર્ટે આરોપી રાજકુમારને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. આ સાથે જ ભોગ બનનાર પીડિતાને 'ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ' હેઠળ રૂપિયા ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ કોર્ટે આદેશ કર્યો છે.

### ચીખલીમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારી મુદ્દે

# ધારાસભ્ય અનંતભાઈ પટેલની આગેવાનીમાં બળદ ગાડામાં ગેસના બાટલા લઈ મામલતદારને આવેદનપત્ર આપી વિરોધ પ્રદર્શન કર્યું

## મોંઘવારી ડામવામાં સરકાર નિષ્ફળ જશે તો આગામી દિવસોમાં ચક્કાજામ કરીને રસ્તાઓ બ્લોક કરવામાં આવશેઃ ધારાસભ્ય અનંતભાઈ પટેલ



-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૧**

રાંધણ ગેસ, પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચીખલી રેફરલ હોસ્પિટલ પાસેથી બળદ ગાડામાં ગેસના બાટલા મૂકી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

મામલતદારને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, કે આજે દેશમાં તેમજ ગુજરાતમાં પાછલા ઘણા વર્ષોથી ભાજપની સરકાર છે અને ભાજપનો ભ્રષ્ટ ગેરવહીવટ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને પ્રજા મોંઘવારી અને બેકારી વચ્ચે પીસાઈ રહી છે અને રોજ સવારે ઉઠતાની સાથે પેટ્રોલ-ડીઝલ અને સીએનજીના ભાવમાં વધારો સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે. સાથે જ ઘરેલું તેમજ કોમર્શિયલ ગેસના ભાવમાં પણ મોટા પ્રમાણમાં ભાવ વધારો કરવામાં આવ્યો છે. જેનાથી સામાન્ય માણસની સાથે મહિલાઓનું પણ બજેટ ખોરવાઈ જવા પામ્યું છે. ભાજપના પ્રજા વિરોધી વલણને લઈ વ્યાપક બેરોજગારી પ્રવર્તી રહી છે,મોંઘવારી પર કાબૂ મેળવવાની જગ્યાએ ભાજપ સરકાર માત્ર હવામાં વાતો કરી પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે.

૨૦૧૪માં ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારે પેટ્રોલનો ભાવ ૬૧ રૂપિયા અને ડીઝલનો ભાવ ૫૬ કે ૫૭ રૂપિયા સુધીનો હતો. ત્યારે બેરલનો ભાવ ૧૨૦ થી ૧૩૦ ડોલરે ખરીદી હોવા છતાં પ્રજા ઉપર ઓછો ટેક્સ લગાવીને કોંગ્રેસ સરકારે ૬૦થી ૬૨ રૂપિયાની આસપાસ પેટ્રોલ અને ડીઝલના ભાવો સીમિત રાખીને પ્રજા ઉપર મોંઘવારીનો માર પડવા દીધો ન હતો. જ્યારે હાલમાં ૫૦થી લઈને ૬૦ કે ૬૫ ડોલર સુધીની બેરલની ખરીદી હોવા છતાં ભાજપના અણઘડ નિર્ણયો અને પ્રજાને લૂંટવાની નીતિઓને કારણે પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર કરીને ૧૦૨.૨૨ થયો છે, જ્યારે ડીઝલ ૯૮.૫૦ રૂપિયા જેવું થવા પામ્યું છે. છેલ્લા ૨૦ દિવસમાં ત્રણ વાર ભાવ વધારો થયો છે. જેમાં પેટ્રોલનો ભાવ ૮ રૂપિયાથી વધુ લિટર દીઠ વધ્યો છે. જ્યારે ડીઝલનો ભાવ ૭.૫૦ રૂપિયા જ્યારે સીએનજીમાં છેલ્લા ૨૦ દિવસમાં કિલો દીઠ ૧૦ રૂપિયાથી વધુ ભાવ વધી ચૂક્યો છે. સાથે ઘર વપરાશના એલપીજી ગેસમાં પણ ૨૯ રૂપિયાનો તોતિંગ ભાવવધારો કરતા ગૃહિણીઓનો બોજ વધાર્યો છે.

સબસિડીમાં મળતા સિલિન્ડરોની સંખ્યા ઘટાડીને ૪ કરી દેવામાં આવી છે. ત્યારે આ આમ જનતાનો અવાજ અને આવેદનપત્ર મુખ્યમંત્રી તેમજ દેશના વડાપ્રધાન સુધી પહોંચાડી મોંઘવારી પર કાબૂ મેળવવામાં આવે તેવી માંગણી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

# વાપી મહાનગરપાલિકામાં નવા ચૂંટાયેલા કાઉન્સિલરો અને સ્ટાફ સાથે પરિચય બેઠક યોજાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટ મેયર અને સ્ટેન્ડિગ કમિટી ચેરમેનની નિમણૂક બાદ કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે. એ સંદર્ભમાં આજે ગુરુવારે મનપાના કોન્ફરન્સ હોલમાં મનપા પદાધિકારીઓ અને સ્ટાફ સાથે પરિચય બેઠક યોજાઈ હતી. મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડે.મેયર શ્રી મિતેશ દેસાઈ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ અને કાઉન્સિલરની ઉપસ્થિતિમાં પરિચય બેઠક યોજાઈ હતી. જેમાં મેયરે અપીલ કરી હતી કે કારોબારીનો મુખ્ય આધાર સ્ટાફ અને કર્મચારીઓ છે. તેથી સુમેળ અને સરકારનો સમન્વય જરૂરી છે. નવી ટીમ વાપીના વિકાસ માટે સક્રિય થઈ ચૂકી છે. આજે મીટિંગમાં પરિચય સિવાય આગામી સમયની ખાસ ખાસ કામગીરીની સમિક્ષા પણ કરવામાં આવી હતી.

# શનિવારે વાપી વીઆઈએ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને વિકાસના ૧૨વર્ષ પૂર્ણ થવા અવસરે વલસાડ જિલ્લામાં લોકજાગૃતિ અને લોકકલ્યાણના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. તા.૧૩-૦૬-૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ વાગે વીઆઈએ હોલ, વાપી ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન થયું છે.

નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઇ, વલસાડ જિલ્લા પ્રભારી અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઇ પટેલ, સાંસદશ્રી ધવલભાઇ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનારા સંમેલનમાં વિકસિત ભારતના સંકલ્પ અંગે લોકજાગૃતિ લાવવા જાણકારી આપવામાં આવશે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન સંદર્ભે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.કાર્યક્રમનું સફળ રીતે આયોજન થાય તે માટે સંબધિત અધિકારીશ્રીઓ સુચનાઓ આપવામાં આવી હતી.

સંમેલનમાં જનપ્રતિનિધિઓ, વિવિધ ક્ષેત્રોના આગેવાનો, ઉદ્યોગકારો અને વિવિધ ક્ષેત્રે એવોર્ડ મેળવનારા પ્રતિષ્ઠિત નાગરિકો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેશે.

# વલસાડ જિલ્લા પ્રભારીમંત્રી નરેશભાઈ પટેલનો વલસાડ જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ તેમજ વલસાડ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ તા.૧૨-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે તેજસ્વી તારલા સન્માન સમારોહમાં હાજરી આપશે.

કાર્યક્રમ બાદ સવારે ૧૦:૩૦ વાગ્યે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે 'સરકારશ્રીની સિદ્ધિઓના પ્રદર્શન'ના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયે અનુકૂળતાએ ધરમપુરથી ચીખલી જવા રવાના થશે.

# ઉમરગામના નેતાઓમાં 'જસ' ખાટવાની જામેલી હોડઃ પ્રજાના પાયાના પ્રશ્નો કોરાણે અને વિકાસના નામે માત્ર રાજકીય તાઈફા

**■ ભીલાડમાં અધૂરા અંડર બ્રિજનો ક્રેડિટ લેવા જતાં રેલવેએ RPF બોલાવવી પડી સત્તાવાર પત્રમાં ફૂટેલો ભાંડો ■ એસટી બસ લોકાર્પણ વિવાદમાં ધારાસભ્ય આકરા પાણીએ અને એસટી વિભાગના કર્મચારીએ જાહેરમાં માંગેલી માફી ■ સરીગામ-ઉમરગામમાં પ્રદૂષણ અને પીવાના પાણીની ગંભીર કટોકટી છતાં આર્થિક સ્વાર્થમાં ડૂબેલા નેતાઓ મૌન**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૧**

ઉમરગામ તાલુકાના અગ્રણી રાજકારણીઓ અત્યારે નીતિ-નિયમો નેવે મૂકીને માત્ર પોતાના સ્વાર્થ અને ખોટી પ્રસિદ્ધિની ચડસા-ચડસીમાં પડ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. તાજેતરમાં તાલુકામાં બનેલી બે મોટી ઘટનાઓએ નેતાઓની ક્રેડિટ લેવાની ભૂખ જાહેરમાં છતી કરી દીધી છે.

ભીલાડ રેલવે અંડર બ્રિજ (RUB) નું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે. રેલવે તંત્રની ઢીલી નીતિ અને સ્થાનિક ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકર યોગ્ય ધ્યાન દોરવામાં નિષ્ફળ રહેતા જનતાએ લાંબા સમય સુધી હાલાકી ભોગવવી પડી છે. આ પરિસ્થિતિનો લાભ લઈને ચૂંટાયેલા પ્રતિનિધિ શ્રી રાકેશભાઈ રાયે પ્રજાના હિતને ધ્યાનમાં રાખવા સાથે ક્રેડિટ લેવાના પ્રયાસ કર્યા પરંતુ તે માટે ઉતાવળ કરી દીધી હતી. અને અધૂરા બ્રિજનો ઉપયોગ શરૂ કરાવી દીધો હોવાના સમાચાર ઓથોરિટી વિભાગ પાસે પહોંચી ગયા હતા. જે વેસ્ટર્ન રેલવેના સત્તાવાર પત્ર પરથી સાબિત થાય છે. રેલવેના SSE(W)BL દ્વારા RPF-VAPI ને લખાયેલા પત્ર મુજબ, આ અંડરપાસનું કામ હજુ પૂર્ણ થયું નથી અને તેની અંતિમ તારીખ ૩૦-૬-૨૦૨૬ છે. નેતાગીરીના આદેશથી લોકો બિનઅધિકૃત રીતે બ્રિજનો વપરાશ કરી ચાલુ કામમાં અવરોધ ઊભો કરતા હોવાથી હવે રેલવે તંત્રએ કાયદાનું પાલન કરાવવા માટે RPF ને કડક પગલાં લેવાની લેખિત જાણ કરવામાં આવી છે. આ સમગ્ર મામલે ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરને સત્યનું જ્ઞાન આવતું જ નથી કે એમની અનઆવડત છે. જેના ભોગે ઉમરગામ તાલુકાની પ્રજા દુઃખી થઈ રહી છે.

બીજી તરફ, એસટી વિભાગમાં પોતાની પકડ ધરાવતા શ્રી ધનસુખભાઈ પટેલના માધ્યમથી બીજો એક વિવાદ સામે આવ્યો. ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત ઉમરગામ તાલુકાને ૬ નવી બસોની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ નવી બસોના લોકાર્પણમાં પણ રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ થયો. શ્રી રાકેશભાઈ રાયે માત્ર ૬-૭ દિવસ પહેલાં જ નવી બસોની ફાળવણી માટે રજૂઆત કરી હતી અને નવી બસોની ફાળવણી થતાં જ શ્રી ધનસુખભાઈ પટેલે શ્રી રાકેશભાઈ રાયના હસ્તે લીલી ઝંડી અપાવી દીધી અને રાજકારણ ગરમાયું અને બયાનબાજી ચાલુ થઈ હતી. જોકે આ બંને ઘટના પ્રજાના હિતની છે પરંતુ જસ લેવા માટે રાજકીય રોટલા શેકાય એ બિનજરૂરી છે. અંતે એસટી વિભાગના અગ્રણી ધનસુખભાઈ પટેલને જાહેરમાં માફી માંગવાની ફરજ પડી હતી. આ સમગ્ર ઘટના ઉમરગામ તાલુકાના લોકો માટે માત્ર એક મનોરંજનનો વિષય બનીને રહી ગઈ છે.

નેતાઓની આ 'જસ ખાટવાની નીતિ'ના કારણે તાલુકાના પાયાના અને મૂળભૂત પ્રશ્નો હવામાં ઓગળી ગયા છે. આજે સરીગામ અને ઉમરગામ તાલુકામાં પર્યાવરણની ભયંકર કટોકટી સર્જાયેલી છે. તાલુકાની પ્રજાને શુદ્ધ પીવાનું પાણી નસીબ થતું નથી. વાયુ પ્રદૂષણ, જળ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણ મર્યાદા વટાવી ચૂક્યા છે. વધુમાં સ્થાનિકોને કંપનીઓમાં રોજગારી નહીં આપવાનો બિન સત્તાવાર ફતવો અમલમાં આવેલો છે સ્થાનિકોએ માત્ર પરપ્રાંતીઓના કોન્ટ્રાક્ટ હેઠળ મજદુરી કરવાની છે.આશ્ચર્યની વાત એ છે કે, જે નેતાઓ બસ અને રેલવે અંડર બ્રિજની ક્રેડિટ લેવા દોડી જાય છે, તેમાંથી એક પણ અગ્રણી રાજકારણી આ જીવલેણ પ્રદૂષણ સામે અવાજ ઉઠાવવા તૈયાર નથી. ત્યારે અહીં એક વાત સ્પષ્ટ નોંધવા જેવી છે કે ગામમાં ચાર-પાંચ લોકો ગાંડા હોઈ શકે, પણ આખું ગામ કઈ ગાંડાનું હોતું નથી એ યાદ રાખવું જરૂરી છે.

# ઉમરગામ અને સંજાણના મુસાફરો માટે ઐતિહાસિક ક્ષણઃ ૧૩ જૂનથી 'ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ'ને મળશે ઉમરગામ સ્ટેશને સ્ટોપેજ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

ઉમરગામ અને સંજાણ સહિત સમગ્ર પંથકના રેલવે મુસાફરો માટે લાંબા સમયની રાહનો અંત આવ્યો છે અને એક ખૂબ જ આનંદદાયક તેમજ રાહતના સમાચાર સામે આવ્યા છે. વલસાડ-ડાંગ સંસદીય વિસ્તારના લોકપ્રિય સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલના અથાગ અને સતત પ્રયાસોના પરિણામે, રેલવે મંત્રાલય દ્વારા મુંબઈ-સુરત વચ્ચે દોડતી પ્રતિષ્ઠિત ટ્રેન નંબર ૧૨૯૨૧/૧૨૯૨૨ 'ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ'ને ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ મંજૂર કરવામાં આવ્યું છે.

આગામી ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનથી ઉમરગામ રેલ્વે સ્ટેશન ખાતે આવતી ફ્લાઈંગ રાની ટ્રેનને આયોજિત એક વિશેષ કાર્યક્રમ સાંજે ૬ કલાકથી શરૂ થનાર છે, જેમાં ગુજરાત સરકારના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ,વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, વલસાડ જિલ્લાના પ્રભારી શ્રી વિનયભાઈ



શુક્લ, જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ પ્રદેશ અને જિલ્લા સંગઠનના હોદ્દેદારશ્રીઓ, અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં ફ્લાઈંગ રાણી ટ્રેનને ૭.૫૮ કલાકે ઉમરગામ રેલવે સ્ટેશન ખાતેથી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવશે

**વિકાસ અને સુવિધા તરફ એક મોટું કદમ :** આ સ્ટોપેજ શરૂ થવાથી ઉમરગામ અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં વસતા હજારો દૈનિક મુસાફરો, કંપનીના શ્રમિકો, ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ અને સ્થાનિક વેપારીઓને સુરત, વાપી તથા મુંબઈ તરફની દૈનિક અવરજવરમાં અભૂતપૂર્વ સુવિધા મળશે. સમય અને નાણાં બંનેની બચત થતાં સ્થાનિક અર્થતંત્ર અને વેપાર-રોજગારને પણ મોટો વેગ મળશે

આ કાર્યને સફળ બનાવવા બદલ સમગ્ર ઉમરગામ અને સંજાણ પંથકની જનતા, વેપારી મંડળો અને દૈનિક મુસાફરો વતી સાંસદ શ્રી ધવલભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

આ નિર્ણય સમગ્ર વિસ્તારના વિકાસ અને જનસુવિધા માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે, ૧૩ જૂનના રોજ યોજાનારા આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અને લીલી ઝંડી આપવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સ્થાનિક આગેવાનો અને નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.
સંજય તાડા : 99244 66899

**CHANGE OF NAME**

**OLD NAME:**
HANSABAHEN BHAGUBHAI ROHIT
**NEW NAME:**
**HANSABEN BHAGUBHAI ROHIT**
**ADDRESS:**
C/o AJAYKUMAR KISHORKUMAR ROHIT
3168 (2), LALIA HOUSE, AMLI,
ROHIT FALIYA, OPPOSITE GOVERNMENT
HIGH SCHOOL, SILVASSA-396230,
DADRA AND NAGAR HAVELI.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM HEMAXI DESAI TO NEW NAME **HEMAXIBEN DURLABHSINH THAKOR**
**ADD.** BRAHMAN FALIYA, NAROLI, SILVASSA 396235, UT OF DNH & DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM PARTHSINH DESAI TO NEW NAME **PARTHSINH DHARMESH DESAI**
**ADD.** BRAHMAN FALIYA, NAROLI, SILVASSA 396235, UT OF DNH & DD

UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu

Directorate of Education
Samagra Shiksha-Diu
Walk-In Interview for the various post on Short Term Contract Basis
Walk-In Interview Date : 19-06-2026
Time : 8:30 am
Scan for more details or visit diu.gov.in
Venue : Gov't. Higher Secondary School, Diu Education Department, Collectorate, Diu
**Advertisement**
No.EDN/SS/DIU/STC-PGT/RECRUITMENT/2026-27/72
for various post on Short Term Contract Basis
No. IP/DMN/2/5/2026-27/238, Dated: 11/06/2026

**Department of Higher & Technical Education, DNH &DD**

Admission Notice of Government Industrial Training Institute under U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu for the academic year 2026-27.

**Starting date:10/06/2026**
**Ending date: 10/07/2026**

www.ddd.gov.in
www.dhtednhdd.in
ID No. 3/52/ITI/DMN/TRG/Vol.III/71
Dated:10/06/2026
No. IP/DMN/2/5/2026-27/239, Dated: 11/06/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ડુંગરા હરિયા પાર્કમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ઝડપાયું: મહિલા સહિત ૧૧ આરોપીઓને એસ.ઓ.જી.એ ઝડપ્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી ડુંગરા હરિયા પાર્ક સ્થિત એક બંગલામાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચાલતુ હતું. એસ.ઓ.જી.ને મળેલી બાતમી આધારે આ કોલ સેન્ટરમાં રેડ પાડી હતી. કાર્યવાહી દરમિયાન મહિલા સહિત આરોપીઓને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કેનેડીયન નાગરિકોને સી.એસ.આઈ.એસ. અને આર.સી.એન.પી. અધિકારી બની કોલ સેન્ટર ચલાવતા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. સામાન્ય રીતે કોલ સેન્ટરમાં ધંધાકીય સેવા આપવાનું આદાન પ્રદાન ચાલતું હોય છે. પરંતુ ક્યારેક કોલ સેન્ટરના નામે ગેરકાયદે પ્રવૃત્તિઓ પણ થતી હોવાનું ઘણીવાર બહાર આવ્યું છે. પોીસે ડુંગરા હરિયા પાર્કમાં ચાલતા તેવા કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. વધુ વિગતો આરોપીઓની પૂછપરછ અને તપાસમાં બહાર આવી શકે છે. ક્યારેક કોલ સેન્ટરમાં નોકરીના પણ પ્રલોભન આપવામાં આવે છે. યુવક યુવતિઓ લાલચમાં આવા કોલ સેન્ટરમાં જોડાતા હોય છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે વાપી અંબામાતા મંદિરે ભવ્ય 'મહાઆરતી' યોજાઈ

**નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં દીપમાળા પ્રગટાવી વડાપ્રધાનના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાઈ**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વિશ્વના સૌથી લોકપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્ર સરકારમાં સફળતાપૂર્વક ૧૨ વર્ષ એટલે કે ૪૩૯૯ દિવસ પૂર્ણ કર્યા છે, ભારત દેશ આઝાદ થયા પછી સૌથી લાંબા ગાળા સુધી વડાપ્રધાન તરીકે સુકાન સંભાળનાર અને દેશને 'વિશ્વ ગુરુ' બનાવવાના સંકલ્પ સાથે અવિરત વિકાસ યાત્રા આગળ ધપાવનાર નરેન્દ્રભાઈ મોદીજીના દીર્ઘાયુ અને નીરોગી આયુષ્ય માટે વાપી ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, ગુજરાત સરકારના નાણાંમંત્રી તેમજ પારડી વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય કનુભાઈ દેસાઈ અધ્યક્ષતામાં વાપી નોટીફાઈડ સ્થિત જી.આઈ.ડી.સી. અંબામાતા મંદિર ખાતે એક ભવ્ય 'મહાઆરતી' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાપી શહેર, વાપી નોટિફાઈડ તેમજ વાપી તાલુકા મંડળના વિવિધ મહિલા મંડળો, ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારો દ્વારા ખૂબ જ મોટી સંખ્યામાં એકત્રિત થઈને આકર્ષક દીપમાળા બનાવી સુંદર આરતી કરવામાં આવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણ અને મોદીજીના દીર્ઘાયુની મંગલકામનાઓથી ગુંજી ઉઠ્યું હતું.

આ ભવ્ય મહા આરતીના પ્રસંગે વિસ્તારના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો, આ તબક્કે મનીષભાઈ દેસાઈ (પ્રમુખ, વાપી શહેર ભાજપ), સતિષભાઈ પટેલ (ઈન્ચાર્જ, મહાઆરતી અભિયાન તેમજ ચેરમેન, સ્ટેન્ટિંગ કમિટી - વાપી મહાનગરપાલિકા), અમનભાઈ ત્રિવેદી (પ્રમુખ, વાપી નોટિફાઈડ મંડળ), દક્ષાબેન (મેયર, વાપી મહાનગરપાલિકા), મિતેશભાઈ દેસાઈ (ડેપ્યુટી મેયર, વાપી મહાનગરપાલિકા), સુનિતાબેન તિવારી (દંડક, વાપી મહાનગરપાલિકા), સત્યેન પંડ્યા (સહ કન્વીનર, દક્ષિણ ગુજરાત સોશિયલ મીડિયા), એ. કે. શાહ (અગ્રણી, વાપી ઉદ્યોગ નગર), આ ઉપરાંત વાપી શહેર અને વાપી નોટિફાઈડના મહામંત્રીઓ, સંગઠનના વિવિધ હોદ્દેદારો, વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરો, મહિલા મોરચાના સભ્યો, અંબામાતા મંદિરના ટ્રસ્ટીગણ તેમજ ખૂબ મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી કનુભાઈ દેસાઈએ દેશહિતમાં મોદીના યોગદાનને બિરદાવી, ઉપસ્થિત તમામ નગરજનો અને કાર્યકરોનો આ ભવ્ય ભક્તિમય આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# ધરમપુરમાં કોંગ્રેસે પેટ્રોલ-ડિઝલની મોંઘવારી અંગે અનોખું પ્રદર્શન કર્યું : બળદ ગાડાઓમાં બાઈકો મૂકી રેલી કાઢી

**જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલની આગેવાની હેઠળ યોજાયેલ પ્રદર્શનમાં સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરાયા**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ધરમપુરમાં પેટ્રોલ, ડિઝલ અને ગેસની મોંઘવારીનો વિરોધ કરવા માટે અનોખુ પ્રદર્શન યોજાયુ હતું. બળદગાડાઓમાં બાઈકો ગોઠવીને રેલી કાઢી હતી. બળદગાડામાં બાઈક મૂકવાનો હેતુ પ્રતિકાત્મક વિરોધ હતો કે પેટ્રોલ એટલો ભાવ વધારો થયો છે તેથી હવે આમ આદમી બાઈક ચલાવી શકે તેવી સ્થિતિમાં રહ્યો નથી. જો કે દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારતનો ભાવ વધારો ખુબ નીચો છે.

અમેરિકા, ઈરાન, ઈઝરાયેલ અને ખાડી દેશોમાં ચાલી રહેલા ભિષણ યુધ્ધને લઈ ક્રુડ ઓઈલનો સપ્લાય ખોરવાઈ ગયો છે. જેથી પેટ્રોલિયમ પેદાશોની વૈશ્વિક કટોકટી ઉભી તઈ છે. જેની આડ અસર ભારતમાં પણ થઈ છે. પેટ્રોલ-ડિઝલ અને ગેસના તબક્કાવાર ચાર ચાર વખત ભાવ વધારો કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. વિપક્ષોએ આ ભાવ વધારો વિરોધ અને રાજકારણનો મુદો બનાવી દીધો છે તે ઉપલક્ષમાં આજે ધરમપુરમાં કોંગ્રેસે વિરોધ રેલી કાઢી હતી. વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલની આગેવાનીમાં પેટ્રોલ ડિઝલ-ગેસના ભાવ વધારાના વિરોધમાં પ્રદર્શન અને રેલી કાઢવામાં આવી હતી. સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને મામલતદારને કાર્યકરોએ આવેદનપત્ર પાઠવ્યું હતું.

# વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સ્પેશિયલ સેલની બેઠક મળી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના અમલીકરણની 'સ્પેશિયલ સેલ'ની બેઠક વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષપણા હેઠળ કલેકટર કચેરીના સભાખંડમાં મળી હતી.

આ મીટિંગમાં વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, તમામ ચીફ ઓફિસરશ્રીઓ હાજર રહ્યા હતા. સ્પેશિયલ સેલના સભ્ય સચિવશ્રી દ્વારા સપ્રીમ કોર્ટના હુકમના અમલીકરણ માટે તમામ સ્પેશિયલ સેલના હાજર અધિકારીઓને અમલવારી બાબતે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ સંદર્ભે સભ્ય સચિવશ્રી દ્વારા અસરકારક અમલીકરણ માટે સંબંધિત અધિકારીઓને નિયમોના અમલીકરણ તેમજ ડમ્પીંગ સાઈટ મોનિટરિંગ બાબતે સુનિશ્ચિત કર્યા હતા.

સ્પેશિયલ સેલના અધ્યક્ષશ્રી દ્વારા બલ્ક વેસ્ટ જનરેટર આઈડેન્ટિફિકેશન તેમજ રિપોર્ટિંગ રજૂ કરવા બાબતે તમામ સભ્યોને તાકીદ કરવામાં આવી હતી, જેથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના નિયમનું અસરકારક રીતે અમલીકરણ કરી શકાય.

# ઉમરગામ પોલીસની મોટી સફળતા: લાંબા સમયથી નાસતો ફરતો ચોરી અને લૂંટના દાગીનાની ખરીદી કરતો વિમલ સોનીને મહારાષ્ટ્ર વાઘલે સ્ટેટ થાણેથી ઝડપી પાડ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૧**

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા વાપી વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક જે.કે.પટેલના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા ગુનેગારોને પકડવા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત ઉમરગામ પોલીસને મહારાષ્ટ્રના થાણે ખાતેથી ચોરીના દાગીના ખરીદીના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી વોન્ટેડ આરોપી સોની વેપારીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં (બી.એન.એસ. કલમ





૩૦૫(એ), ૩૩૧(૪), ૫૪ મુજબ) અગાઉ મુખ્ય તસ્કર સુમન ઉર્ફે સોનું ગુલ્લુ ગુદોસાના શેખની ધરપકડ કરવામાં આવી હતી. આ તસ્કરે રાત્રીના સમયે એક ઘરના તાળા તોડી સોના-ચાંદીના દાગીના તથા ઘડિયાળની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, ચોરી કરેલો આ તમામ મુદ્દામાલ મહારાષ્ટ્રના થાણેમાં રહેતા વિમલ ઉર્ફે સોનુ મોતીલાલ ભગવતી સોની નામના વેપારીએ ખરીદ્યો હતો. તે સમયથી આ સોની વેપારી પોલીસ પકડથી દૂર નાસતો ફરતો હતો. ઉમરગામ પોલીસની ટીમે ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે મહારાષ્ટ્રના થાણે (વાગલે સ્ટેટ, ઈન્દિરાનગર) ખાતે દરોડો પાડી આરોપી વિમલ સોની (ઉં.વ.૪૦, મૂળ રહે. જૌનપુર, યુ.પી.) ને ઝડપી લીધો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપી વિમલ સોની અગાઉ પણ વલસાડ જિલ્લાના અન્ય પોલીસ સ્ટેશનોમાં ચોરીનો મુદ્દામાલ ખરીદવાના ગુનામાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે જેમાં ડુંગરા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાની કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પણ તેની સામે અગાઉ ઘરફોડ ચોરીની કલમો હેઠળ ગુનો દાખલ થયેલો છે

આ પ્રશંસનીય કામગીરી ઉમરગામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર બી.આર.બેરા, પીએસઆઈ એન.સી.સગર, એ.એસ.આઈ. હિતેશ પ્રેમજીભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ સાગરદાન કાળુભાઇ, પિન્ટુભાઇ નાથાભાઇ, પ્રેમીલસિંહ ગોબરભાઇ, રોહિત રાજુભાઇ અને ધર્મેશભાઇ દાનાભાઇની ટીમ દ્વારા કરવામાં આવી છે.

# વલસાડમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

દેશના જનપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સશક્ત નેતૃત્વ હેઠળ ''સેવા, સુશાસન અને જનકલ્યાણ''ને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે વલસાડ ખાતે વિવિધ ધાર્મિક સ્થાનો પર ભવ્ય મહાઆરતી અને વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું, વલસાડ સ્થિત ઐતિહાસિક શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ખાતે લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ અને પ્રદેશના સહ-પ્રવક્તા ધવલભાઈ પટેલ તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની આગેવાની હેઠળ મહાઆરતીનું ભવ્ય આયોજન થયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ અને ભક્તોએ વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવાના તેમના સંકલ્પને વધુ શક્તિ મળે તે માટે ભગવાન ભોળાનાથને ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

આ જ શૃંખલામાં, ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન)ની પ્રેરક આગેવાની હેઠળ વલસાડના શ્રી ગૌતમ સ્વામી ગુરુ મંદિર તેમજ મોટા બજાર સ્થિત શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર ખાતે પણ ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં જૈન સમાજના શ્રેષ્ઠીઓ અને ભક્તોએ મોટી સંખ્યામાં જોડાઈને દેશની સમૃદ્ધિ માટે મંગલ કામના કરી હતી.

**શ્રી શિવજી મંદિરે અને જૈન દેરાસરોમાં વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય માટે કરાઈ પ્રાર્થના**

આ ધાર્મિક ઉત્સવમાં વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પ્રદેશ યુવા મોરચાના કોષાઅધ્યક્ષ ધ્રુવીનભાઈ પટેલ, વલસાડ શહેર ભાજપ પ્રમુખ દિવ્યાંગભાઈ ભગત, વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તેજસભાઈ પટેલ, વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ સહિત શહેર, તાલુકા સંગઠનના હોદ્દેદારો ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

शिक्षा मंत्रालय
MINISTRY OF EDUCATION
Government of India

"હું વૈશ્વિક નેતાઓ, સીઈઓ, રોકાણકારો અને સંસ્થાઓને ભારત સાથે મળીને ભવિષ્યનું નિર્માણ કરવા આમંત્રણ આપું છું, જ્યાં ટેકનોલોજી માનવતાની સેવા કરે અને વિકાસ સમાવિષ્ટ હોય"
- નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી



bharat INNOVATES
NICE, FRANCE 14-16 JUNE, 2026
ભારતના નવીનતાને વિશ્વ સાથે જોડવા માટેનું એક પ્લેટફોર્મ
ભારતના ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગો, રોકાણકારો અને સંસ્થાઓને એકસાથે લાવવાની પહેલ
ભારતના ઉભરતા નવીનતાઓનું વૈશ્વિક પ્રદર્શન
120+ ડીપ-ટેક સ્ટાર્ટઅપ્સ | 15+ અગ્રણી ભારતીય સંસ્થાઓ | 13 ઉભરતા ટેકનોલોજી ક્ષેત્રો
માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન
'ભારત ઇનોવેટ્સ કોફી ટેબલ બુક' જોવા માટે સ્કેન કરો
CBC 21201/13/0009/2627